# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર

## સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ ૩૯ સંવત ૨૦૭૩ જેઠ, જુન- ૨૦૧૭ અંક - ૬

પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વમીશ્રી જગદીશાનંદ સારગરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં
તા. ૦૮/૦૫/૧૭ થી ૧૪/૦૫/૧૭ સુધી બાળ સંસ્કાર શિબિરનું આયોજન ચાણોદ ધામમાં સારી રીતે થયું હતું.









નર્મદા સ્નાન

સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦

# વેદ રહસ્ય



સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વર્ષઃ ૩૯ / જૂન-૨૦૧૭/ અંક-૦૬

## અનુક્રમણિકા

**૪** કઠોપનિષદ્
કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા)

**૮** શ્રધ્ધાંજલી
કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા)

**૧૨** બાળ સંસ્કાર શિબિર સુરત
અમરશીભાઈ કેરીયા

**૧૩** માનવ ધર્મ
લક્ષ્મણભાઈ જે. સોનાણી

**૧૪** આધ્યાત્મિકતા
વિભૂતિ વી. દવે વડોદરા

**૧૪** આત્માના ૧૨ લક્ષણો
તંત્રી સ્થાનેથી

**૧૬** સાચી મિત્રતા
દેવરાજભાઈ વી. વઘાસિયા

**૧૭** વેદાંતની દ્રષ્ટિએ હનુમાન
પ.પૂ. બ્રહ્માનંદસાગરજી મહારાજ

**૧૮** ગભરાશો નહી
લેખક શિવ

**૧૯** યદા યદા હી ધર્મસ્ય
લતાબેન એ. માંગુકિયા

**૨૦** બાળ સંસ્કાર શિબિર ચાણોદ
ગોરધનભાઈ જે. ગાબાણી

**૨૧** ગુરૂપૂર્ણિમા મહોત્સવ સુરત
સંકલિત

**૨૨** સત્સંગ સમાચાર
સંકલિત

॥ જય શ્રી સચ્ચિદાનંદ ॥

ૐ

## श्री शङ्करदेशिकाष्टकस्तोत्रम्

सुकृतेऽधिकृते बहुधा भवतो भविता पददर्शनलालसता ।
अतिदीनमिमं परिपालय मां भव भवङ्करदेशिक मे शरणम् ॥५॥

હે સ્વામિન્ ! અનેક પ્રકારે સુકૃત સંપાદન કરે સતે (કરવાથી) આપના પદદર્શનની લાલસા ઉત્પન્ન થશે. પરંતુ હે નાથ ! એટલું તો પુરુષાર્થ - સામર્થ્ય -મારામાં છે નહીં, તેથી આપના શરણમાં આવેલાની (મારી) આ પ્રાર્થના સ્વીકારવા કૃપા કરશો હે પ્રભો ! આ અતિદીન (દરિદ્ર-દુર્ગત)નુ મારું પરિપાલન કરો. હે શંકર ગુરો ! આપ મારું શરણ (આશ્રય) થાઓ. અર્થાત્ જન્મજરામૃત્યુના તેમ જ કામક્રોધ મોહમદાદિક શત્રુઓનાં અસહ્ય દુઃખોથી મુક્ત થવા આપના ચરણોમાં શરણાગત થયેલાની (મારી) નિરંતર રક્ષા કરો.

**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત-૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૮ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

**લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર-૧,
કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.
ફોન નં.:- (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | - |
| સહાયક | ૩૦૦૦ | - |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



ડોલ-ડોલ કાંઈ વાસણ પાકું હોય એમાં રહી શકે છે. એથી સૂક્ષ્મ અંદર હોય છે. તેજ એમાં ત્રણ ગુણ હોય છે. એથી સૂક્ષ્મ હોય છે. હવા એમાં બે જ ગુણ હોય છે. એથી સૂક્ષ્મ આકાશમાં શબ્દ ગુણ હોય છે. જયારે પરમાત્મામાં તો કોઈ ગુણ નથી. તો આકાશય કોઈ દિ' પકડી શકો છો ? બોલો ? ... તો આકાશથી પણ અત્યંત સૂક્ષ્મ તત્ત્વ છે. એટલા માટે કેવું છે ? કે - 'अनादि अनन्तं' કહે છે કે અનાદિ કાળનું એટલે પેલેથી છે છે ને છે એનો અંત પણ કોઈ દિ' થતો નથી. જેનો જન્મ થાય એનું મરણ થાય. જેનો આદિ ભાગ દેખાણો એનો અંત ભાગ પણ દેખાય. પણ આ તત્ત્વ તો અનાદિ અનંત તત્ત્વ હંમેશા રહેવાવાળું છે. પછી 'महतः परं' મહાન પદ છે. 'ध्रुवं' એટલે નિશ્ચય રહેવાવાળું છે. 'निचाप्य तन्मृत्युमुखात्प्रमुच्यते' નિશ્ચય કરીને ધ્યાનથી યાદ રાખો 'निचाप्य' 'એ બ્રહ્મ હું છું.' એવો નિશ્ચય કરવો. કેવો નિશ્ચય કરવો ? બોલો ? કે જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ રહિત જે છે. જે અનાદિ છે અનંત છે. જે મહાન છે. જે પરમ છે જે ધ્રુવ છે. એ બ્રહ્મ હું છું. એવો નિશ્ચય કરીને 'मृत्यु मुरवात्प्रमुच्यते' એ મૃત્યુના મુખમાંથી બચી જાય છે. એને મરવાનો ભય રહેતો નથી.

**આનન્દં બ્રહ્મણો વિદ્વાન્ન બિભેતિ કુતશ્ચન.**

(તૈત્તિ.શ્રુતિ.૨.૪)

કે આનંદ સ્વરૂપ બ્રહ્મ છે. હું સચ્ચિદાનંદ સ્વરૂપ બ્રહ્મ છું મારે જન્મ નથી મારે મરણ નથી. મારે કોઈ દુઃખ નથી. તો ખાસ યાદ રાખવાનું કે મરણ નથી કેમ કે 'मृत्युमुखात्प्रमुच्यते' જો બ્રહ્મ બનો તો મૃત્યુના મુખમાંથી બચી જાવ કેમ કે એને કાળ કર્મ નડે નહિ. બીજા બધાને શું નડે ? બોલો ? કે કર્મ પૂરા થાય ને લીલા પૂરી અને કાળ પૂરા થઈ જાય પણ આને તો કાળ નહિ ને કર્મ નહિ. કાળ કર્મ રહિત શુદ્ધ સચ્ચિદાનંદ બ્રહ્મ સ્વરૂપ હું છું એવો વાર વાર અભ્યાસ કરવો. ઘણાં લોકો કહે વાર વાર સાંભળ સાંભળ શું કામ કરવું ? તો થોડું ધ્યાનથી સાંભળો, ''आवृतिरसकृतउपदेशात्'' બ્રહ્મસૂત્રમાં કહ્યું છે કે વાર વાર આવૃતિ કરવી. વાર વાર સાંભળવું કેમ કે વેદોમાં 'तत्त्वमसि' 'तत्त्वमसि' 'तत्त्वमसि' એમ નવ વાર કહ્યું. જો એકવારથી કામ ચાલતું હોત તો વેદોમાં કહેત નહિ વધારે વાર એ બતાવે છે કે વાર વાર સાંભળવું 'बहुधा श्रोतव्यं' જેટલું વધારે સાંભળશો એટલું તમારું જ્ઞાન વધારે પાકું થશે અને બીજું ધ્યાનથી યાદ રાખો શ્રવણ કરવું એ પણ ભક્તિ છે. ઘણાં કહે કે કથા સાંભળવા જઈએ તો સવાર સવારમાં ભજન નો કરી લઈએ. ઘણાં એમય કહે. સવારે કથા સાંભળવી એના કરતા બેઠા બેઠા ભજન કરીએ પણ નવ પ્રકારની ભક્તિમાં શ્રવણ ભક્તિ એ પ્રથમ ભક્તિ છે. નવ પ્રકારની ભક્તિ સાંભળી છે ને, બોલો ? ભાગવતમાં બતાવ્યું કે-

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं यादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥
॥ ७-५-२३ ॥

આ નવ પ્રકારની ભક્તિ છે કે શ્રવણ કરવું પછી કીર્તન કરવું, સ્મરણ કરવું, અર્ચન, વંદન, દાસ્યભાવ, સખ્યભાવ અને છેલ્લે 'આત્મનિવેદનમ્' એમાં પેલી કઈ ભક્તિ બતાવી ? બોલો ? .... શ્રવણ એટલા માટે-

**''પ્રથમ ભક્તિ સંતન કર સંગા,**
**દુસરી ભક્તિ મમ કથા પ્રસંગા''**
(તુલસીદાસજી)

કેમ કે એક શબ્દ અંદર ઉતરી ગયો તો જીવના જન્મ-મરણના ફેરા છૂટી જશે.

**સંત ટાળે ત્રિવિધિના તાપ કે શબ્દ છૂટીએ જીરે**
(મૂલદાસ)

એટલા માટે શ્રવણ કરવાની કિંમત વધારે છે. શ્રવણ ન મળને ત્યારે જ કીર્તન કરવું શ્રવણ પેલી ભક્તિ છે. શ્રવણથી પરિક્ષિત રાજાનો સાત જ દિવસમાં મોક્ષ થઈ ગયો. બીજા બધા ક્યાંય સાત દિવસમાં મોક્ષ થઈ ગયો સાંભળ્યું છે ક્યાંય ? બોલો એટલા માટે શ્રવણ એ પ્રથમ ભક્તિ છે. તો શ્રવણ કરવાનું મળેને ત્યારે બીજું બધું ભજન પડયું રહે તો કાંઈ નુકસાન થતું નથી. કેમ કે સમજ્યા વગરનું જે કરશોને એ બધું ફેરા ફરવાના થશે.

**સમજણ વિનાનું રે, સુખ નહિ જંતુને રે.**
(અખા ભક્ત)

સમજણ નહિ હોય તો ભગવાનને મેળવવા ભજન કરશો પણ ભગવાન તો પોતે છો તો મેળવવા શું કરવા ? સમજો તો તરત બની જાવ અને ન સમજો તો પછી જીવના જીવ રહો. એટલા માટે બધી ભક્તિમાં નવ પ્રકારની ભક્તિમાં પેલી ભક્તિ કઈ ? બોલો ? ... શ્રવણ... ઉત્તમ પણ કઈ છે ? શ્રવણ એટલા માટે સાંભળવાનું મળે એમાંય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરુના શબ્દો સાંભળવા મળે તો-

**સંત ટાળે ત્રિવિધિના તાપ કે શબ્દ છૂટીએ જીરે.**
(મૂલદાસ)

ઘણાં લોકોને સંતના શબ્દની કિંમત નથી હોતી. **'સંતના શબ્દ સવા સવા લાખના રે.'**

સત્ પુરુષોના શબ્દો જન્મ-મરણના ફેરામાંથી છોડાવી દે છે.

**'સંત ટાળે ત્રિવિધિના તાપ કે, શબ્દ છૂટીએ જીરે.'**
શબ્દમાંથી જીવ છૂટી જાય છે. એટલે તમામ બંધનોમાંથી દુઃખોમાંથી છૂટી જાય છે. એટલે-

**સંત ટાળે ત્રિવિધિના તાપ કે શબ્દે છૂટીએ જીરે.**
(મૂલદાસ)

ધ્યાનથી બરોબર સાંભળો-

**<u>દ્રષ્ટાંત-</u>**

એકવાર એક ભાઈ નગરમાં બજારમાં ગયા હતા નગરમાં જઈને એણે જોયું કે અહીં ઘણી સામગ્રી વેચાય છે. એટલામાં પૂછતા પૂછતા ખબર પડી કે એક પંડિત બેઠેલો હતો એને કહ્યું કે, 'તમે શું વેચો છો ?' તે કહે કે 'હું વાત વેચું છું' આણે વિચાર કર્યો કે ઘણી વાર બધી સામગ્રી ખરીદી છે પણ વાત કોઈ દિ' લીધી નથી તો વાતોથી શું કામ થતું હશે ! એ તો મને કાંઈ બહુ ખબર નથી તો લાવો પૂછું. (તો એણે પૂછ્યું કે) વાતોથી શું કામ થાય ? તો પેલા ભાઈએ કહ્યું કે વકીલોથી જે કામ થાય તે વાતોથી કામ થાય. વકીલ શું કરે ? કે વાત આપેને વાતો શીખવાડેને પેલો બંધનમાંથી છૂટી જાય. એમ સંતોની વાણીથી શું થાય ? કે બંધન છૂટી જાય. તો કહે કે સારું, મારી પાસે ૨૫ રૂપિયા છે. મને એક વાત આપો. તો (પેલો) કહે કે ૨૫ રૂપિયાની એક વાત છે કે **'બે જણા ઝઘડતા હોય ત્યાં વગર બોલાવે ઊભું રહેવું નહિ.'** શું કહ્યું ? બોલો ? .... 'બે ઝઘડતા હોયને ત્યાં વગર બોલાવે વચમાં ઊભું રહેવું નહિ.' નહિતર બેના ઝઘડામાં ત્રીજો માર ખાય. એટલે જરૂર વગર. વગર બોલાવે બંનેની વચમાં જવું નહિ. કેમ કે-

'दाभ्यां इति योगम् भवामि राजम् ।'

'બેની વચમાં જે ત્રીજો ઊભો રહેને એ મૂર્ખ છે.' બેની વાતો ચાલતી હોય એમાં દખલ કરવાની શું જરૂર છે ! આ વાત લઈને બાળક ઘરે આવ્યો. ઘરે આવીને ઘરવાળાને બધું બતાવ્યું કે આ મિષ્ટાન લાવ્યો ને આ આટલા રમકડાં લાવ્યો ને આટલું કપડું લાવ્યો ને આ એક ૨૫ રૂપિયાની વાત લાવ્યો છું. તો ઘરવાળાય વાતની મહિમા સમજતા ન હતા ને પાડોશી બેઠા હતા એ લોકોય સમજતા ન હતા કહેવા લાગ્યા કે વાતે શું વડા બનવાના છે ! વડા સમજો છો ને, ખાવાના, બોલો ! એમાં ક્યાં વડા બની જવાના છે. કાંઈ લોટ લાવ્યો હોય ગોળ લાવ્યો હોય તો વડાય બને. જા, તું આ વાતને પાછી દયાય. આપણે શું વાતને કરવી છે ! ૨૫ રૂ. નકામા તે આપી દીધા. પેલો છોકરો કહે કે એ પાછું લે

કે ન લે. તો કહે કે લેશે. એ માણસ સારા હોય. છોકરો નગરમાં ગયો ને કહ્યું કે મારા પિતાજીને ઘરના બધા ના પાડે છે મારે વાત જોઈતી નથી. એટલે (પેલો કહે કે) બીજું બધું પાછું રમકડા દે તો... પણ આ વાત વસ્તુ થોડી છે તે પાછી દઈ શકાય. છતાંય હું તને કહું કે પૈસા તું પાછા લઈ જા પણ વાત વાપરીશ નહિ તો પાછી દીધી કહેવાય. નહિતર કાંઈ કાગળીયું દીધે કાંઈ પાછું દીધું કહેવાતું નથી. પેલો બાળક સારો હતો સાત્વિક અંતઃકરણ વાળો હતો એ કહે કે સારું હું વાતનો અમલ નહિ કરું. એ ઘરે આવ્યો ને ઘરે આવીને રમકડા ૨૫ રૂા. ના લેતો આવ્યો જે પાછા આવ્યા હતા એ રૂપિયાના અને રમવા ગયો. રાજાનો પુત્રને પ્રધાનનો પુત્ર નગરના બધા લોકો રમવા ગયા હતા. એમાં પ્રધાનના પુત્ર અને રાજાના પુત્રમાં ઝઘડો થયો. બધા લોકો ભાગી ગયા પણ આ છોકરો ઊભો હતો કેમ કે એણે જે વાત પાછી દીધી હતી એટલે એણે વિચાર કર્યો કે આપણે અમલમાં.... હવે, બે ના ઝઘડા થયા તો ઝઘડામાંથી ધીરે ધીરે નાનામાંથી મોટા કોર્ટ કચેરીમાં પહોંચી ગયા. કે આણે માર્યુ આણે બગાડયું ને આણે પેલું કર્યુ ને આણે પાછળ... આમાં સાક્ષી પુરાવો કોણ ? કે એક શેઠનો છોકરો ઊભો હતો. બીજું કોઈ નો'તું બધા ભાગીને... કોનો દોષ હતો એ જાણે ? કોણે વધારે માર્યુ ? કોણે પેલા માર્યુ ? ને કોનો અપરાધ હતો ? એનો સાક્ષી પુરાવો એક બાળક કેવળ છે. તો બાળકને રાજાએ બોલાવ્યો. (ને કહ્યું કે) અમારા પક્ષમાં કહે જે તો અમે તને સમૃદ્ધિ આપીશું ને અમારા પક્ષમાં નહિ કહે તો અમે તને મરાવી નાખીશું. પ્રધાન તરફથી પણ સમાચાર આવ્યા કે રાજા મરાવાનો ઓર્ડર કરશે પણ અમલ અમારે કરવાનો હોય મારવાને બદલે (અમે) તમને સંતાડી દેશું તમને મારશું નહિ અને રાજા જો તમને ઈનામ દેવાનું કહેશે તો ઈનામ પણ અમારે જ દેવાનું હોય ઈનામમાં થોડું ઝેર ભેળવી દઈશું તો તમે એમનામ ખાતા ખાતા જ ભગવાનના ધામમાં... કંઈ મિઠાઈ મિઠાઈ મોકલાવશે તો અમે મિઠાઈમાં મેળવીને આપીશું કેમ કે દેવા તો અમારે આવવાનું હોય. રાજા કાંઈ લેવા-દેવા જતાં નથી. એતો ઓર્ડર એકલો કરે. કામ તો અમારે કરવાનું હોય છે. દંડ દેવાનો હશે તોય અમારે દેવાનો હશે. અમે દંડમાં તમને બચાવી લેશું. અમારા પક્ષમાં બોલશો તો અમે તમને બચાવીશું. અને નહિ બોલો તો અમે તમને હેરાન કરીશું. તો બેય તરફથી શું આવ્યું ? બોલો ? બચાવવાનું પણ આવ્યું ને ન બોલે તો દુઃખી થવાનું પણ આવ્યું.

હવે, આ શેઠ અને શેઠનો છોકરો બેય મુંજાણા. હવે શું કરવું ? આમાંથી કેમ બચવું ? જો રાજાના પક્ષમાં રહીએ તોય હેરાન થઈએ ને પ્રધાનના પક્ષમાં રહીએ તોય દુઃખ તો આવવાનું જ છે. તો બે પક્ષમાંથી કોના પક્ષમાં રહેવું કહે કે વકીલ રાખીએ. પણ વકીલ શું કરશે ? બે માંથી એકના પક્ષમાં તો રહેવું જ પડશે. એટલે વકીલને પૂછયું તો કહે કે ૫૦૦૦ રૂપિયા ફી થશે. તોય પાછો છૂટે કે ન છૂટે એ નક્કી નય. ત્યારે પેલા છોકરાએ કહ્યું કે, પિતાજી ! તમે પેલી વાત નો લેવા દીધીને એટલે હું ઊભો રહ્યો. હવે, તમે વાત મને લાવવા દો તો હું આમાંથી છૂટી જઈશ. મને એમાં વિશ્વાસ છે. તો સારું, કહે છે કે ફોન કર. તો શહેરમાં ફોન કર્યો કહ્યું કે તમારી વાત ન લેવાથી આજે અમે સંકટમાં આવી ગયા છીએ. પ્રધાન અને રાજાના પુત્રની વચમાં ઝઘડો થયો છે. એનો સાક્ષી પુરાવો અમારે કાલે કરવા જવાનો છે. કોઈના પણ પક્ષમાં અમે બોલીશું તો એક તરફથી દુઃખ અમારે આવવાનું છે છે ને છે. રાજાનો પક્ષ લેશું તો પ્રધાન દુઃખ દેશે ને પ્રધાનનો પક્ષ લેશું તો રાજા દુઃખ દેશે. તો અમારે બેય દુઃખમાંથી કેમ છૂંટવું એનો ઉપાય આવે એવી વાત અમને બતાવો. વાત લેવાની હોય કે કાંઈ વસ્તુ લેવાની હોય ? બોલો ? એવું થોડું છે કે પેંડા લઈ આવ્યા ગામમાંથી. વાત એટલા માટે એવી બતાવવામાં આવે કે બેયમાંથી ઉગરી જઈએ. પેલો કહે કે હવે તો ૨૫ ને બદલે ૧૦૦ રૂપિયા થશે. તો પેલો કહે કે ૧૦૦ ને બદલે ૫૦૦ દેશું પણ અમારું કામ થઈ ગયા પછી. કહે કે પછી શું જયારે દેવાં હોય ત્યારે દેજો પણ તમે નક્કી કરો કે તમારે બેયની વચમાં જવાનું પણ બેમાંથી કોઈનો પક્ષ લેવાનો નહિ. તમારે નો કોઈને હા કહેવું કે ન કોઈને ના કહેવાનો. તો શું કરવું ? તો કહે કે ખાવું પીવુંને મજા કરવી. તારે છોકરાને કહેવાનું કે રમકડા લઈ જાય ને ખાવા-પીવાનું લઈ જાય. ન્યાયધીશ જયારે પૂછે તો ખાવું, ગાવું ને મજા કરવી. નાચવું, કુદવું ને હસવું. કાંઈ 'હા' ય કહેવું નહિ ને 'ના' ય કહેવું નહિ.

મજામાં રહેવું. જો કોઈનો પક્ષ નહિ લ્યો તો પછી કોઈનું બગડશે નહિ ને કોઈનું સુધરશે નહિ. સહુ માથામાંથી ભાર તારો બધો ઊતરી જશે. ત્યારે શેઠને ને છોકરાને શાંતિ થઈ, બીજે દિવસે જયારે ન્યાયધીશે ત્યાં બોલાવ્યા તો મડયો ખાવા ને નાચવા ને ગાવા ને કૂદવા. ન્યાયધીશ કહે કે આ તો છોકરું છે આ કાંઈ ઉત્તર દેતું નથી. આનો સાક્ષી પુરાવો નહિ ચાલે. બીજો કોઈ હોય તો લાવો. બીજું કોઈ હતું નહિ ને ઝઘડો ત્યાં ને ત્યાં શાંત થઈ ગયો. આ એક દ્રષ્ટાંત બતાવ્યું. ધ્યાનથી સાંભળો બરોબર કે બેના ઝઘડામાં કોઈનો એકનો પક્ષ લ્યો તો દુઃખી થવું પડે.

હવે, ધ્યાનથી દ્રષ્ટાંતમાં સિદ્ધાંત સમજો. આ જીવ પૂણ્ય અને પાપ બેય કરે છે. શું કરે છે ? બોલો ? પૂણ્ય અને પાપ. સારું કરો તો પુણ્ય થાય ને મોળું કરો તો પાપ થાય. કોઈ જીવને સુખ આપો તો પુણ્ય થાય ને કોઈને દુઃખ આપો તો પાપ થાય. તો જગતમાં જે જે કામ કરશોને એમાં કંઈક સારું થશે ને કાંઈ મોળું થશે. બોલશોને તોય કંઈક સારું બોલાશે ને કંઈક મોળું બોલાશે. કોઈને ગમશે ને કોઈને નય પણ ગમે. તમે ભજન ગાવને તો કોઈકને ગમે ને કોઈને ન પણ ગમે. તમે ખવરાવોને તોય કોઈકને ગમે ને કોઈને ન પણ ગમે. તમે કહો કે, કેમ નો ગમે ? કોઈને ગંદુ થતું હોય ત્યારે કહે કે આ નકામો ખવરાવે છે અહીં ગંદુ કરે છે. તો કોઈને ગમતું હોય ને કોઈને ન ગમતું હોય એટલે પુણ્ય ય થાય ને પાપ ય થાય જો એકલું પુણ્ય કરશોને તોય પુણ્ય ભોગવવા જન્મવું પડશે ને એકલું પાપ કરશો ને તોય પાપ ભોગવવા જન્મવું પડશે ને બેય કરશો તો બેયને માટે પણ ભોગવવું પડશે. તો બોલો ! કાંઈને કાંઈ થશે કે નહિ થાય. એટલા માટે એમાં બેયમાંથી કોણ છોડાવે ? ... પાપ છોડવા તો પુણ્ય કરો પણ પુણ્ય છોડવા શું કરો ? બોલો ? જેમ સમજો કે પ્રધાનનો પક્ષ છોડીને રાજાનો પક્ષ લ્યો પણ રાજાનો પક્ષ છોડવા માટે શું કરો ? બેયનો પક્ષ છૂટે તો થાય પણ બેયનો પક્ષ કર્મથી છૂટતો નથી. શું નથી થતો ? બોલો ? તમે સંતના શબ્દો ન સાંભળોને કંઈ કરવા બેસી જાવ તો કરવા બેસવાથી શું વધે ? બોલો ? મે ભક્તિ કરી મેં દાન કર્યુ મેં પુણ્ય કર્યુ એટલે કર્તાપણાનું અભિમાન આવે અને આ પુણ્ય વધ્યુને એ પુણ્ય ભોગવવા પણ શું કરવું પડે ? બોલો ?

**''પુનરપિ જનનં પુનરપિ મરણં,**
**પુનરપિ જનની જઠરે શયનં.''**

(ચર્પટ પંજરી)

પાપ તો કર્મથી છૂટયું. સારા કર્મો પુણ્ય કર્મોથી પાપ છૂટયું. પણ પુણ્ય શેનાથી છૂટે કે-

**સંત ટાળે ત્રિવિધિના તાપ કે, શબ્દે છૂટીએ જી રે.**

સંતની પાસે સાંભળો કે હું તો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, રહિત, અસંગ, નિર્લેપ, અકર્તા આત્મા છું. કેવો આત્મા છું ? બોલો ? 'અકર્તા આત્મા' એટલું જ યાદ રાખો. એટલો જ શબ્દ શીખો. કેવો આત્મા છું ? અકર્તા એટલે મને પુણ્ય નહિ ને પાપય નહિ

**'ન પુણ્યં ન પાપં ન સૌખ્યં ન દુઃખં'**

કે મને પુણ્યય નથી ને મને પાપય નથી કેમ કે-

**''અહં ભોજનં નૈવ ભોજ્યં ન ભોક્તા,**
**ચિદાનંદરૂપઃ શિવોહમ્ શિવોહડમ્,**
**અહં નિર્વિકલ્પો નિરાકારરૂપો,**
**વિભૂર્વ્યાપ્ય સર્વત્ર સર્વેન્દ્રિયાણિ,**
**સદા મે સમત્વં ન મુક્તિ ન બંધ,**
**ચિદાનંદરૂપઃ શિવોડહમ્ શિવોડહમ્.''**

(આત્મષટક)

તો યાદ રહ્યું ? બોલો ? કે-

**''સંત ટાળે ત્રિવિધિના તાપ કે, શબ્દ છૂટીએ જીરે.''**

તો ત્રણ પ્રકારના તાપ, આધ્યાત્મિક, આધિભૌતિક, ને આધિદૈવિક. આ દુઃખો શેનાથી મટે ? બોલો ? ... જેટલા પુણ્યશાળી છે એનેય શરીરમાં રોગ છે કે નહિ ? જેટલા પુણ્યશાળી છે એનેય મરવાનું છે કે નહિ. તો મરણનું દુઃખ, ગઢપણનું દુઃખ, રોગનું દુઃખ આ બધા દુઃખોમાંથી કેમ છૂટાય ? ટૂંકમાં જ યાદ રાખો. આ શરીરમાંથી જુદું કેમ થવાય ? એટલું જ શીખો બરાબર. બોલો, બળ કરવાથી થવાય છે ? કે જપ કરવાથી, તપ કરવાથી તીરથ કરવાથી શરીરથી જુદું પડી જવાય છે ? જો શરીરથી જુદા પડો તો દુઃખથી જુદા પડો. એ બધાય તાપો શરીરમાં છે. શરીર એટલે ત્રણેય શરીર સમજવાનું સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ જયારે સંતના શબ્દની ચોટ વાગેને ત્યારે હું ત્રણ શરીર નથી એવું શું થઈ જાય ? બોલો ? દ્રઢ થઈ જાય.

(ક્રમશઃ)

# પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીનો ૧૭મો નિર્વાણ જયંતિ મહોત્સવ પ્રસંગે આપેલી શ્રધ્ધાંજલી




## પ.પૂ. બ્ર.શ્રી જયાનંદજી મહારાજ

મુમુક્ષુ ભાઈઓ તથા બહેનો,

પરમાત્માની મહાન કૃપાથી આપણે વિરતા ગામની અંદર પ.પૂ. શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સ્વામીજી મહારાજ શ્રીનો ૧૭ મો નિર્વાણ જયંતિ મહોત્સવ શ્રધ્ધા, ભક્તિ, અને ભાવ પૂર્વક ઊજવી રહ્યા છીએ. નિર્વાણ પદને પ્રાપ્ત થવું એટલે પરમાત્મરૂપ થવું.

અનાદિ કાળથી આ મનુષ્ય દુઃખ રૂપ સંસારમાં આવ્યા કરે છે તેનું કારણ અજ્ઞાન છે. જેમ અંધકારને ભગાડવા માટે પ્રકાશ સિવાય બીજો કોય ઉપાય નથી તેમ અજ્ઞાન રૂપ અંધકારને દૂર કરવા માટે બ્રહ્મજ્ઞાન રૂપી પ્રકાશ એક જ ઉપાય છે. બ્રહ્મજ્ઞાન એ ગુરૂભક્તિ વગર મળતુ નથી. એટલે જ આજનો વિષય ગુરૂભક્તિ રાખવામાં આવ્યો છે. જો જીવ ગુરૂનું શરણ સ્વીકારે તો પરમ પદને પ્રાપ્ત થઈ શકે છે.

જયારે તન, મન , ધનથી ગુરૂની સેવા કરવામાં આવે ત્યારે સદ્ગુરૂની કૃપા થાય છે, અને ત્યારે બધુ જ મળી જાય છે. ગુરૂની કૃપા શિષ્યનું પરમ મંગલ (કલ્યાણ) કરવા વાળી છે, શ્રુતિ પણ પરમાત્માને જાણવા માટે સદ્ગુરૂનુ શરણ સ્વીકારવાનુ કહે છે.

આ તિથી નિમિત્તે જે સદ્ગુરૂએ અંતિમ શ્વાસ સુધી ઉપદેશ આપ્યો છે તેને ધારણ કરીએ, એ જ પ્રમાણેનું જીવન જીવીએ ત્યારે જ સાચી શ્રધ્ધાંજલી અર્પણ કરી કહેવાય. તો બધાને સદ્ગુરૂ સ્વામીજી મહારાજ શ્રી પરમ પદના ભાગી બનાવે અને સમસ્ત દુઃખો માંથી મુક્ત કરીને પરમાનંદરૂપ બનાવે એજ પ્રભુ પાસે પ્રાર્થના

## પ.પૂ. સ્વામીશ્રી વિમલાનંદ સરસ્વતીજી મહારાજ

ભક્તિમતી માતાઓ,

પરમાત્માની પરમ દયાથી અને સ્વામીજી મહારાજશ્રીની વિશેષ કૃપાથી આપણે સ્વામીજી મહારાજશ્રીની ૧૭મી નિર્વાણ તીથી નિમિત્તે તેમના જીવન માંથી કંઈક લઈએ તો આપણું જીવન પણ સારુ બને. મનુષ્ય જીવનનું લક્ષ પરમાત્માની પ્રાપ્તિ અને જન્મ, મરણની નિવૃતિ છે. આ જગતમાં કોઈ દુર્લભ વસ્તુ હોય તો તે ગુરુ છે. સદ્ગુરુ દ્વારા વારંવાર ઉપદેશ મળે છે. જેના દ્વારા આપણું જીવન પણ પરમ પવિત્ર બને. વ્યસન, વ્યભિચારથી માનવ જીવનનુ અધઃપતન થાય છે. શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ ગુરુની પ્રાપ્તિ થાય તો તે સત્સંગની મહિમા સમજાવે છે. હંમેશા વેદાંત વાક્યમાં રમણ કરવું જે જીવ છે. એ જ શિવ છે.

આપણું જીવન સરળ બનાવીને તેમના શરણે સમર્પિત કરીએ સદ્ગુરુના ચરણોમાં પ્રણામ સાથે....

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**પ.પૂ. સ્વામી શ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ**

સમુપસ્થિત ભાઈઓ, બહેનો માતાઓ,

આપણે જાણીએ છીએ કે આજ સ્વામીજી મહારાજશ્રીનો ૧૭મો નિર્વાણ જયંતિ મહોત્સવ નિમિત્તે એકઠ્ઠા થયા છીએ, નિર્વાણ જયંતિ મહોત્સવ એટલે સ્વામીજી મહારાજના ગુણગાન ગાવાનો પ્રસંગ તેમણે આપણને વેદાંતનો બોધ આપ્યો એ આપણા માટે પરમ કલ્યાણ કારી છે. આપણે ત્યાં બે તત્ત્વો ધર્મ અને બ્રહ્મ એ એવા તત્વો છે જે વેદથી જ સમજાય છે. મનુષ્યનુ જીવન એક યજ્ઞ છે આપણી સંસ્કૃતિ યજ્ઞપ્રધાન સંસ્કૃતિ છે.

સ્વામીજી મહારાજ કહેતા કે બીજે બધે બ્રહ્મ બુધ્ધિ ભલે ન થાય પણ ગુરુની બ્રહ્મ ભાવે ઉપાસના કરવી બ્રહ્મનિષ્ઠ થવા માટે ગુરુની અંદર બ્રહ્મ ભાવના આવશ્યક છે. ભગવાનશ્રી શંકરાચાર્ય કહે છે કે કોઈ વ્યક્તિ સ્વયં બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી શકે એમ હોય તોય તે ગુરુને શરણે જઈ તેની પાસે જ્ઞાન પ્રાપ્ત કરે. ખાસ કરીને, વર્તમાન કાળમાં તો ગુરુજીને આપણે પરમાત્મા સમજીને ઉપાસના કરીએ તો પણ પરમાત્માને પ્રાપ્ત કરી શકીએ.

આપણે આ પરંપરાના અનુયાયી સ્વામીજી મહારાજની ભક્તિ કરતા રહીએ, આપણા જીવનને વહેમ, વ્યસન, વ્યભિચાર, વિકાર, વિષય અને વાસનાઓની નિર્મુક્ત કરી આ મનુષ્ય જીવનનો પુર્વ લહાવો  છે એ બ્રહ્મભાવને મેળવી અને પરમ પદના ભાગીદાર થઈએ.

સદ્‌ગુરુ દેવની જય

**પ.પૂ.સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ**

ભાવિક ભક્તજનો.....

આજે વિરતા ગામના આંગણે પુજ્યપાદ સ્વામીજી મહારાજશ્રીના ૧૭મા નિર્વાણ જયંતિ મહોત્સવના ઉપલક્ષે જે વિષય પણ બહુ સુંદર 'ગુરુભક્તિ' છે. એમાં સાથે સાથે આપણે શ્રધ્ધાંજલી આપવાની છે, ગુરુભક્તિ એ જ અંજલી છે.

આપણી પરંપરામાં રોજ સવારે ગુરૂગીતાના પાઠની સાથે જપમાળાનો નિયમ આપ્યો છે. માળા તમે હાથમાં લ્યો ને આંખ બંધ કરોને એટલે અંદરથી વાસ્તવિક યથાર્થ તરંગો મન ઉપર શરૂ થાય છે. જે માટે ભગવાને આપણને મોકલ્યા છે. એ માર્ગને આપણે સ્વીકારીએ અને એ માર્ગે આગળ વધવાની જરૂર છે. એને સમજીને ગુરુજીના આશિર્વાદ મેળવીએ.

આપણે બધા ગુરૂની કૃપાની પાત્ર થઈ આપણી શ્રધ્ધાંજલી અને ગુરુભક્તિ આપણે એ રીતે અર્પણ કરીએ. ગુરુના હૃદયમાં પણ એવો જ ભાવ છે આ સાથે હું મારી વાણીને વીરામ આપું....

બોલ સચ્ચિદાનંદ ભગવાન ની જય

**પ.પૂ. શ્રી સુરેશ્વરાનંદજી મહારાજ શાસ્ત્રી**

ભાવિક ભક્તો,

'શ્રધ્ધાંજલી' શ્રધ્ધાંજલી કોને કહેવાય ? ગુરુના ચરણ ધોવા, ફુલહાર ચડાવવા, પ્રસાદ લાવવો , લાંબા લાંબા દંડવત કરવા એ શ્રધ્ધાંજલિ? ના શ્રધ્ધાંજલિ શાસ્ત્રમાં કહ્યું છે કે શ્રધ્યેય જે વ્યક્તિ છે એ પ્રત્યે સંપુર્ણ દ્રઢ વિશ્વાસ અને એને આપવામાં આવતી અંજલી એટલે શ્રધ્ધાંજલિ પૂ. સ્વામીજી મહારાજ શ્રધ્ધાનું સ્વરૂપ હતા, શ્રધ્ધાની મૂર્તિ હતા ગીતાના બીજા અ.માં. જે સ્થિતપ્રજ્ઞના લક્ષણો બતાવ્યા તથા ૧૩માં અ.માં. જ્ઞાની પુરુષના જે લક્ષણો બતાવ્યા, ૧૬માં અ.માં દૈવિ સંપત્તિના લક્ષણો બતાવ્યા. ભાગવતની અંદર ધર્મના ૩૦ લક્ષણો આ સમસ્ત લક્ષણોનુ મૂર્તિમંત સાક્ષાત સ્વરૂપ એટલે સ્વામીજી. એના ગુણોનું તમે વર્ણન કરો તો આખો મોટો દળદાર ગ્રંથ બની જાય. એટલા બધા એના ગુણો છે.

સ્વામીજીને દેહાધ્યાસ નો'તો. એ મોટા મોટા જ્ઞાનની પરિપકવતા છે. બધાની અંદર ભગવાન જોવા દુર્લભ છે. તેની સામે બધા સમાન હતા. સ્વામીજી બધાને આત્મા જોતા હતા. તો જીવનમાં એકબીજામાં દોષ ન જોઈએ એ જ સાચી શ્રધ્ધાંજલી...

બોલ સચ્ચિદાનંદ ભગવાન ની જય

**પ.પૂ. સ્વામીશ્રી મોહનાનંદ સાગરજી મહારાજ**

સત્સંગ પ્રેમી ભાઈઓ તથા બહેનો,

પરમાત્માની પરમ કૃપાથી દેવોને પણ દુર્લભ એવો ભારતની દિવ્ય, ભવ્ય, પવિત્ર ભૂમિમાં અનેક જન્મના પુણ્યના પ્રતાપે આપણને માનવ જન્મ પ્રાપ્ત થયો છે, મણિરત્નમાળામાં કહ્યું કે આ સંસારમાં દુર્લભ

શું છે? સદ્‌ગુરુ, સત્સંગતિ, બ્રહ્મવિચારણા એ ત્રણ વસ્તુ દુર્લભ છે. ગુરુ બધાને મળે છે પણ સદ્‌ગુરુ ઓછા મળે. આપણે ખુબ જ ભાગ્યશાળી છીએ. મણિરત્નમાળા પ્રમાણે આપણને ગુરુ મળ્યા છે. આવા જ્ઞાન વિરક્ત મહાન સંતો પ્રગટ થાય તેનું કુળ પવિત્ર થઈ જાય છે. પૃથ્વી પણ પવિત્ર થઈ જાય છે. તેની જનની પણ ધન્ય થઈ જાય છે. તો આપણે બધા ખુબ જ પુણ્યશાળી, ભાગ્યશાળી છીએ, કે આપણને આવા ગુરુભગવાન મળ્યા છે. તેઓશ્રીએ આપણને આ પરંપરામાં જ્ઞાન પીરસ્યું છે. એને આપણે વારે વારે અભ્યાસ કરતા રહીએ.

સદ્‌ગુરુ ભગવાનની કૃપાથી આપણે બધા જ્ઞાન, વૈરાગ્ય, મોક્ષના ભાગીદાર થઈએ કોઈને કોઈ વાતની ખામી, કમી, ઉણપ ન રહે બધા બધી પ્રકારે સુખી થાય. સર્વેત્ર : સુખીના :

**પ.પૂ. સ્વામીશ્રી મુરારીદાસજી મહારાજ**

આપ સૌ ભાવિક ભક્તજનો

પ.પૂ. મહારાજશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીનો ૧૭મો નિર્વાણ જયંતિ મહોત્સવ જ્યારે ખુબ ધામધુમથી ઉજવાઈ રહ્યો છે ત્યારે ખુબ હર્ષ અને આનંદની લાગણી થાય છે. આપણે દર વર્ષે માધવાનંદજી મહારાજશ્રીને અને અખંડાનંદ સાગરજી મહારાજશ્રીને આવી રીતે યાદ કરીએ છીએ. આપણને સૌને સંત દર્શનનો લાભ પ્રાપ્ત થાય છે. અખંડાનંદ સાગરજી મહારાજ શ્રી એક જ્યોતિ સમાન છે. આપણે બધા એવી જાગ્રત પરંપરાના સનાતન ધર્મની ગુરૂ પરંપરાના જયારે સંતો પણ છે ને ભક્તો પણ છે. એ બાબતનો આપણને ગર્વ હોવો જોઈએ. આપ જ્યારે બોલો છો ત્યારે એ તમારી અંદર જે પડેલુ છે તેમ જાણ્યુ છે, અનુભવ્યું છે. એ બોલો છો. તમે જયારે શ્રવણ કરો છો ત્યારે કંઈક નવી વસ્તુ અંદર આવે છે. આપ સૌ સદ્‌ભાગી અને બડભાગી છો આ બધુ સાંભળીને ઘર બેઠા આનો અભ્યાસ કરજો. એટલું તમારા કામનું છે.

ભગવાનના આશિર્વાદ આપ સૌને પ્રાપ્ત થાય એ ભાવના સાથે મહારાજશ્રીના ચરણોમાં વંદન કરીને મારા જય મહારજ જય સચ્ચિદાનંદ

**પ.પૂ. સ્વામીશ્રી વિવેકાનંદ સાગરજી મહારાજ**

સર્વ જીજ્ઞાસુ ભક્તજનો,

આજે આપણે વિરતા ગામના આંગણે સ્વામીજીના ૧૭મા નિર્વાણ જયંતિ મહોત્સવના ઉપલક્ષમાં ઉપસ્થિત થયા આપણા માટે બે તપ છે એક કડકડતી ઠંડી અને એક ધોમધખતો તાપ. આ બેયમાં આપણી પરીક્ષા લેવાય છે. બધાને ખૂબ ખૂબ ધન્યવાદ આ ગરમીમાં બધા અહીં આવી રીતે ઉપસ્થિત થઈને આ લાભ લેવાય છે. સંતો પાસે આપણે ઘણું બધું શ્રવણ કર્યું આપણને ભવરોગ છે. અને એના ડોકટર સદ્‌ગુરૂ છે. અને એ આપણને દવા આપે અને આપણે ગ્રહણ ન કરીએ અને પછી કહીએ કે ભવરોગ મટતો નથી તો શું કરવાની જરૂર છે? કહો. મહત્વ એટલું જ કે એની આજ્ઞાનું પાલન કરો સદ્‌ગુરૂના વચનમાં વિશ્વાસ આવે ત્યારે એ આજ્ઞાનું પાલન કરવા લાગે ત્યારે સમજો કે ભવરોગ મટવાનો ચાલુ થઈ ગયો આટલું કહી મારી વાણીને વિરામ આપું

**પ.પૂ. સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજશ્રી**

પ્રિય સ્વજનો,

આજે આપણે વિરતા ગામની અંદર પરમ પૂજનીય અર્ચનિય વંદનીય અનન્ત શ્રી વિભુષીત શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પૂ.ગુરુજી મહારાજના ૧૭ મા નિર્વાણ દિવસ મહોત્સવે ભેગા થયા છીએ. દૂર દૂર થી આટલી ગરમીની અંદર આપણે ભાવિક ભક્તો આવ્યા છીએ. સ્વામીજી મહારાજ કહેતા કે, આવ્યા છો તો કંઈક શબ્દો લઈ જાવ 'બ્રહ્મ સત્યં જગત મિથ્યા' એ બે શબ્દો કહેવાય. બ્રહ્મ સત્ય છે જગત મિથ્યા છે એ ક્યારે આપણી અંદર ઉતરે કે જેમ બને તેમ ગુરુ મહારાજની ભક્તિ કરતા જાવ. એકલવ્યે દ્રૌણાચાર્યની ગુરૂભક્તિ કરી, દ્રૌણાચાર્યએ એનો ત્યાગ પણ કરેલો છતાં માટીની મૂર્તિ બનાવીને એનામાંથી વિદ્યા શીખ્યા હતા. તો દ્રૌણાચાર્ય કહે કે દક્ષિણામાં તો કંઈક દેવું પડશેને જમણા હાથનો અંગુઠો માંગ્યો તો તે પણ આપી દીધો

એકલવ્ય ગુરુજીની સેવા કરતો....

.........ચિત્તમાં શ્રધ્ધા રાખીને.

વિચાર કરો કે માટીના પૂતળાની અંદર ભક્તિ કરી, પ્રત્યક્ષ ગુરુની એટલી ભકિત કરી હોય તો કેટલું

જ્ઞાન થાય. પૂ.ગુરુજી મહારાજ આપણને સુંદર જે જ્ઞાન દઈ ગયા છે એનું મનન ચિંતન, નિદિધ્યાસન કરી ગુરુભક્તિ વધતી જાય ગુરુજી મહારાજ કહેતા કે તારો રોગ ગયો કે નહી?

આપણે બધા દૂર દૂર થી આવ્યા છીએ તો સંતોના શબ્દો આપણે અહીંથી લઈ જઈએ ગાય, ભેંસ ખાઈને વાગોળતી હોય એમ આપણે શ્રવણ પછી મનન હોવું જોઈએ ને નિદિધ્યાસન હોય ને તોજ એ જ્ઞાન આપણી અંદર ઉતરે છે. ગુરુ મહારાજની આજ્ઞાનું પાલન કરવું એ મોટી ભક્તિ છે અને એ જ સેવા છે. બોલવું સહેલું છે. કરવું કઠીન છે.જેમ અખંડાનંદજી મહારાજને આપણે શ્રધ્ધાથી માનતા હતા એમ આપણે જગદીશાનંદજી મહારાજને પણ શ્રધ્ધાથી માનીને એના વચનનુ પાલન કરીએ. અને આપણે જ્ઞાન પ્રાપ્ત કરીએ. મનન કરીએ, કિર્તન કરીએ અને આજ્ઞાનું પાલન ન કરો ને તો સેવા ગણાતી નથી.

જેમ બને એમ શ્રધ્ધા વધારીએ છોકરાઓને લાવીએ સેવા કરીને જ્ઞાન પ્રાપ્ત કરીએ અને આજ્ઞાનું પાલન કરીએ તોજ ગુરુ મહારાજના આશિર્વાદ મળે અને એજ સાચી શ્રધ્ધાંજલિ....

ૐ પુર્ણમદઃ

**પ.પૂ. સ્વામી શ્રી વિવેકાનંદજી સરસ્વતીજી મહારાજ**

ભક્તો એવં ભક્તિ મતી માતાઓ,

આજે આપણે બધા ભારતના અદ્વિતીય મહાપુરુષને શ્રધ્ધાંજલી આપવા એકત્રિત થયા છીએ. આટલા બધા મોટા મોટા મહાપુરુષો બેઠા હોય એના સ્થાને આપણે કાંઈ ન કહેવાઈએ આ મહાપુરુષોની વાણીનું આપણે શ્રવણ કરીએ અને પછી એનું મનન કરીએ અને નિદિધ્યાસન કરીએ તો વાસ્તવમાં આપણે ગુરુભક્તિને પ્રાપ્ત કરી શકીશું અને જો આપણા જીવનમાં ગુરુ ભક્તિ પ્રાપ્ત થાય તો સમજી લેવાનું કે બધું જ પ્રાપ્ત થઈ જશે.ગુરુ ભક્તિ બધુ જ આપે છે. જેણે આપણા માટે કાંઈક કર્યુ હોય તેના માટે સદૈવ કાંઈક કરવા માટેની ભાવના રાખવી એ સનાતન ધર્મ છે. ગુરુ મહારાજના આપણા પર ખુબ આશિર્વાદ છે. આપણને રસ્તો બનાવનાર સ્વામીજી પોતાના પ્રતિનિધિ એવા માધવપીઠાધીશ્વર મહારાજ શ્રી છે એમની આજ્ઞામાં રહી આપણે આ બધા કાર્યો કરીએ શાસ્ત્રોમાં કહ્યું છે કે જો કલ્યાણ ઈચ્છતા હોય તો સદૈવ ગુરુની આજ્ઞામાં રહો. મૂળ મંત્ર તો ગુરુના મુખેથી આપણા માટે નિકળેલા શબ્દો એમણે જે કહ્યું હોય એ જ મૂળ મંત્ર કહેવાય. એની ઉપર શ્રધ્ધા રાખી આગળ વધીએ એ જ આપણું કલ્યાણ છે. આપણા કુંટુંબનું કલ્યાણ છે. સર્વનું કલ્યાણ છે. મહારાજશ્રીના ચરણોમાં વધારે કાંઈ નહી બોલી મારી વાણીને વીરામ આપું

**પ.પૂ. નિરંજન પીઠાધીશ્વર આચાર્ય મહામંડલેશ્વર સ્વામીશ્રી પૂણ્યાનંદગિરિજી મહારાજ**

આપ સબ લોગ પરમ શ્રધ્યેય મહામંડલેશ્વર માધવ પીઠાધીશ્વર સ્વામી અખંડાનંદજી મહારાજશ્રી કી સત્રહવી પુણ્ય તીથી પર શ્રધ્ધાંજલી કે લીયે એકત્રીત હુએ હૈ. વિષય હૈ 'ગુરુભક્તિ' હમ કો ગુજરાતી તો આતી નહી. ભકિત માને તો પ્રેમ ગુજરાતીમાં શું કહેવાય?.....પ્રેમ માને લાગણી. લાગણી એટલે શું ? આપ સબ લોગ બીછડે હુએ એકત્રીત હુએ હો કોઈ કહી સે આયા કોઈ કહીસે આયા ઉસકે બાદ ફીર ભોજન આદી હોગા તો સબ ચલે જાયેંગે તો ભી અગલે સાલ આને કે લીએ કોનસી ચીઝ હૈ જો બાર બાર બીછડને વાલો કો બાર બાર જોડતી હૈ યે સબ પ્રેમ હૈ. ઈસલીએ કબીરદાસજીને કહા હૈ કી કીતના ભી પઢ લો જો તુમારી મરજી હો લેકીન હમસે પઢોગે તો

**' ઢાઈ અક્ષર પ્રેમ કા, પઢે સો પંડિત હોઈ '**

પ્રેમ કે કિતને અક્ષર હૈ, ઢાઈ અક્ષર હૈ ઈસ કો સહી ઢંગસે કીસીને સમજ લીયા તો તો દુનિયામેં વો સબસે બડા પંડિત હૈ બાકી પુસ્તકોમે તો કિતના ભી પઢતે રહો ફરક નહી. યે જો પ્રેમ હૈ વો સબ જગહ હૈ. પ્રેમ કે બીના સારી દુનિયા ફીકી હૈ.

જીવનને સત્યની અંદર માધુર્ય જેવી મીઠાશ જોઈએ. યદી હોગા તો જહાભી જાઓગે આપકો પહચાન મે આ જાયેગા કી યે બડા મીઠા હૈ. યે બડા મધુર હૈ ઔર સબસે મીઠા કયાં હૈ સબસે અચ્છા કયાં હૈ કેવલ ખાંડમેં ઈતની મીઠાશ નહીં હૈ જીતની કી પ્રેમ

મેં હૈ. મૈ મીઠાશ એટલે પ્રેમ મીઠાશ.

**' યસ્ય દેવે પરા ભક્તિ....'**

ભગવાન કે પ્રતિ જો પ્રેમ હોના ચાહીએ ઉતના હી પ્રેમ ગુરુ કે પ્રતિ હોના ચાહીએ. દેવતા, ગુરુ, પરમાત્મા કે પ્રતિ પ્રેમ કો ભક્તિ બોલતે હૈ. જ્ઞાન દેને વાલે ગુરુ એક નહી અનેક હોતે હૈ. ભાગવતમે દતાત્રેયને ૨૪ ગુરુ સે ઉપદેશ લીયા થા.

આચરણ કરોગે તબ જાકે ફલ મિલેગા

હમારે જગદીશાનંદજી મહારાજ બહુત સરલ હૈ. જહાઁ પરમાત્મા હૈ વહાઁ પરમાત્મા સીધે સામનેસે ઉઠજાતા હૈ. સ્વામી અખંડાનંદજી મહારાજ જબ નિર્વાણ પદ કો પ્રાપ્ત હુએ તો સ્વામી જગદીશાનંદજી કો છોડ કે ગયે યે તો બસ જગહ ફીરતે બોલતે અબ ઈનકી બાત કો હમ ટાલ નહી સકતે યે આપકે ગુરુ ભક્તિ કા અધ્યક્ષ રૂપ હૈ. જો બીછડને વાલે સારે વ્યકિઓ કો શિષ્યો કો એક સુત્રમે બાંધ કર કે રખતે હૈ. સ્વામીજી અખંડાનંદજી મહારાજજી ચલતે ફીરતે પ્રેમ કી મૂર્તિ હૈ સબ યે આના હી સ્વામીજી કે પ્રતી હમારી ઔર સે હોને વાલી શ્રધ્ધાંજલી હૈ.

હરિ ૐ તત્સત્ હરિ ૐ તત્સત્

**પ.પૂ. મહામંડલેશ્વર માધવપીઠાધીશ્વર સ્વામીજી મહારજશ્રી**

પ્રિય સજ્જનો,

પરબ્રહ્મ પરમાત્માની મહતી અનુકંપાથી બ્રહ્મલીન સ્વામી સદ્‌ગુરૂ મહારાજશ્રીની ૧૭ મી નિર્વાણ તિથી નિમિત્તે એકત્રીત થયા છીએ જે ગુરુએ આપણને જ્ઞાન આપ્યું એ જ્ઞાન જીવનમાં ઉતારવા થી જે મહાપુરુષો જીવન મુક્ત થઈને સંસારમાં વિચરણ કરે છે. એમ આપણે પણ એ જ્ઞાન જીવનમાં ઉતારી સંસારમાં રહી સંસારના કામો પણ કરતાં જઈએ અને સાથે સાથે ભક્તિ પણ કરતા જઈએ અને મહાપુરુષાએ જે આપણને કીધુ એ આપણા જીવનની અંદર ઉતારીએ એ જ્યાં સુધી ઉતરે નહિ ત્યાં સુધી લાભ થઈ શકતો નથી. મહાપુરુષોના વચનને જીવનની અંદર ઉતારીએ

બધાને આવવામાં તકલીફ પડી હશે પણ એ ગુરુ પ્રત્યેનો ભાવ જે પ્રેમ જે શ્રધ્ધા એ શ્રધ્ધાને વધારી શ્રધ્ધા દ્વારા જ્ઞાન વધારવાનો પ્રયત્ન કરવો. પુરુષાર્થ કરવો. પરમાત્મા સર્વને સુખસંપતિવાન બનાવે આત્મજ્ઞાનના ભાગીદાર બનાવે જન્મ મરણના ચક્રમાંથી મુક્ત કરે એવી સદ્‌ગુરુ પરમાત્માના ચરણોમાં પ્રાર્થના.

સર્વત્રઃ સુખિના................

## બાળ સંસ્કાર શિબિર સુરત

**શ્રી અમરશીભાઈ કેરીયા**

**ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ**

(૧) બાળ સંસ્કાર શિબિર સુરત - શ્રી માધવાનંદ આશ્રમ ઉદયનગર.

(૨) બાળ શિબીરમાં ભાગ લીધેલ બાળકોને પ્રભુ પ્રાર્થના, આરતી, સુ-વાક્યો, શ્લોક અને વ્યાયામ, કસરાતો, પ્રાણાયામ, સાંસ્કૃતિક કાર્યક્રમો, રમત-ગમત, નાવું, પર્યટન, પ્રવાસ, (નોરમલ નાસ્તો) વિગેરે શીખવવામાં આવે છે અને સાથે સાથે નાસ્તો પણ આપવામાં આવે છે.

બાળ સંસ્કાર શિબીર પુર્ણ થયા પછી છેલ્લે પરિક્ષા લેવામાં આવે છે. અને એમાં સારૂ એવુ ઈનામ કંપાસ, બોલપેન, રબ્બર, પેન્સિલ, નોટબુક વિગેરે જરૂરી વસ્તુ આપવામાં આવે છે.

પછી પાછળ દર રવિવારે પણ સંસ્કાર શિબિર આશ્રમમાં ચાલે છે અને દર ગુરૂવારે સર્વ સેવકભાઈ, બહેનો, બાળકો રાબેતા મુજબ સત્સંગ સભામાં આવે છે ને આનંદ માણે છે.

બાળ સંસ્કાર શિબિરમાં છોકરાઓ અને છોકરીઓ મળી કુલ ૫૦ જેટલી સંખ્યાએ ભાગ લીધો હતો.

આ બાળ સંસ્કાર શિબિરમાં ઉપર જણાવેલ બધુ શિખવાડવામાં ખૂબ ઉત્સાહથી પોતાનો સમય આપી સમયે સમયે સાથે રહી બાળકોને સંસ્કાર આપતા શિબિર લેતા

(૧) શ્રી અમરશીભાઈ કેરિયા

(૨) શ્રી લવજીભાઈ નાવડા

(૩) શ્રી જીવરાજભાઈ ચોગઠ

# માનવધર્મથી મોટો કોઈ ધર્મ નથી

લક્ષ્મણભાઈ જે. સોનાણી
ચકમપરવાળા

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

જય શ્રી સચ્ચિદાનંદ

સંસ્કૃત સાહિત્યમાં કહ્યું છે કે ધર્મો રક્ષિત રક્ષત સમગ્ર સૃષ્ટિનું રક્ષણ ધર્મ કરે છે આનો અર્થ એ થયો કે ધર્મ એટલે સૃષ્ટિનું રક્ષણ ધર્મનું મુળ કાર્ય રક્ષણ કરવાનું છે ધર્મમાં કયારેય દ્વેષ, વેર, કુભાવ, ઈર્ષ્યા, હિંસાને સ્થાન નથી જયાં હિંસા હોય ત્યાં અધર્મ હોય છે. આપણા શાસ્ત્રો પુરાણો વેદો સંહિતા ઉપનિષદ તો સ્પષ્ટ કહે છે કે મન કર્મ અને વચનથી કોઈને દુઃખ આપવામાં આવે તો એ પણ અધર્મ છે જેને કલિયુગમાં મહાપાપ કહેવામાં આવે છે શ્રીમદ્ ભાગવતમાં દેવર્ષિ નારદજી કલિયુગનું વર્ણન કરતા કહે છે કે કલિયુગમાં લોકો સ્વાર્થી અને દંભી હશે આ દંભ અને સ્વાર્થને દૂર કરવા માટે શ્રેષ્ઠ સાધન હરિ ભજન છે. આજે માણસ પોતે પોતાની જાતને ઓળખે. પોતે પોતાના મનને સમજાવે એ બહુ જ જરૂરી છે. ધર્મથી માણસે પ્રથમ પોતાની રક્ષા કરીને પછી સમાજ સેવા કરવી જોઈએ પોતાની રક્ષા અટલે કે પોતાની જીભ ઉપર સંયમ મેળવવો જાઈએ. ખાસ કરીને મનને કાબુમાં રાખવું જોઈએ. જે વ્યકિત પોતાના મન ઉપર રાજ કરે ત્યારે સમજવાનું કે આપણે મુળ ધર્મના પંથ ઉપર ચાલી રહયા છીએ. ધર્મ માણસને સાર અને સાચા માર્ગ ઉપર ચાલત શીખવે છે. આપણા શાસ્ત્રો પુરાણો મહાપુરૂષોના વચનો આ બધુ શું શીખવે છે. સત્યના પંથ ઉપર જીવન જીવતા શીખવે છે જીવનમાં જ ધર્મનું આચરણ થતું હશે તો જીવન સમજ અને સહજ બની જશે. કારણ કે ધર્મમાં સમગ્ર વિશ્વને પોતાનું કુંટુંબ માનવામાં આવે છે દરેક માનવ પોતાનો છે એવું સમજાય છે. હા ધર્મને જો અંધશ્રદ્ધાથી જોવામાં આવશે અથવા તો ધર્મના નામે અંધશ્રદ્ધાના રસ્તા ઉપર વ્યકિત ચાલવા લાગશે તો વ્યકિતનો વિનાશ નિશ્ચિત બની જાય છે આજે લોકો માનસિક અને શારિરિક રીતે વધારે પડતા દુઃખી છે એનુ એક કારણ છે કે વ્યકિત મુળ ધર્મનો આશ્રય છોડીને દોરા, ધાગા, ધતિંગ તરફ વળ્યો છે. ઘણા લોકો પેતાના વૃદ્ધ માતા-પિતાને જીવતા સાચવી શકતા નથી અને દિવંગત થયા પછી એવા આત્માને શાંતિ મળે એટલા માટે હરિદ્વાર કે ગયામાં જઈને પીંડદાન કરે આને કયો ધર્મ કહેવો ? દિવંગત આત્માની પાછળ ક્રિયા કરવી એ ધર્મ બતાવે છે પરંતુ જીવતા વડીલોને પ્રેમથી સાચવીને સેવા કરીએ એ મુળ ધર્મ છે. ગુરૂજીને સન્માન આપવું વડીલોની સાથે માન મર્યાદા રાખીને વાતચીત કરવી એ પ્રથમ ધર્મ છે. આજે લોકો ધર્મનું પ્રથમ સોપાન ભુલીને ક્રિયાકર્મ તરફ વળ્યા છે. ક્રિયાકર્મ કરવા જોઈએ પરંતુ ડરી ડરીને ન કરવા. કલિયુગનો ધર્મ ડરવાનો ધર્મ નથી. હરિ ભજવાનો ધર્મ છે. ખોટા દાણા, દોર ધાગા, ધતિંગમાં પડયા વિના આપણા ઈષ્ટદેવ, ઈષ્ટદેવી તથા ગુરૂજી ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખીને જે જીવન જીવવામાં આવે તો જીવન ધર્મ માનવ ધર્મ ધન્ય ગણાશે. કલિયુગમાં મનની પવિત્રતા આંખની પવિત્રતા જીભની પવિત્રતા, શ્રવણની પવિત્રતા, ક્રિયાની પવિત્રતા, વ્યવહારની પવિત્રતા આ બધા જ કલિયુગના ધર્મ છે. જીવનમાં સત્ય વ્યવહાર એ સાક્ષાત્ ધર્મ છે આવો આવનારો સમય સમગ્ર સૃષ્ટિમાં કુટુંબની ભાવનાથી બની રહે. લોકો પરસ્પર પ્રેમથી એક બીજાની વાતને સમજીને ધર્મને સમજવાનો અને જીવનની ક્રિયામાં જોડાવાનો પ્રયત્ન કરે તેવી શ્રી ભગવાનના ચરણોમાં પ્રાર્થના

જય શ્રી સચ્ચિદાનંદ સર્વોને.

**(રાગ – ગરબાનો)**

ગુંજતો ગુંજતો નાદ આજ મારા ગુરૂજીનો ગુંજતો નાદ,
દર્શન મારા ગુરૂજીનાં થાય (૨) આજ મારા...૧
આજ મારા ગુરૂજીનો ગુંજતો નાદ
રોજ રોજ બ્રહ્મજ્ઞાન આપે ગુરૂજી
માયાનો મોહ નવ જાય, (૨) આજ મારા...૨

અજ્ઞાની જીવોને જ્ઞાન નથી થાતું,
બ્રહ્મરૂપ કયાંથી દેખાય, (૨) આજ મારા...૧
આત્મા એ જ પરમાત્મા બ્રહ્મ તણું જ્ઞાન છે.
જીવ તો શિવ બની જાય, (૨) આજ મારા...૨
દયા લાવીને ગુરૂ બાળકને તારજો
ત્રિવિધિના તાપ ટળી જાય, (૨) આજ મારા...૩

# આધ્યાત્મિકતામાં ખુશ રહેવું

વિભૂતિ બી. દવે
વડોદરા

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

જય શ્રી સચ્ચિદાનંદ

આત્માનું સ્વરૂપ આનંદમય છે. જેને આત્મજ્ઞાન થઈ જાય છે. તે વ્યકિત હંમેશા આનંદમય જ દેખાય છે. આધ્યાત્મિકતાનું બીજું નામ છે પ્રસન્નતા. જે વ્યકિત પ્રસન્ન નથી રહી શકતો તે આત્માને નથી ઓળખી શકતો. કે પરમાત્માને નથી ઓળખી શકતો. જે શોક, સંતાપ, ક્રોધ, વહેમ વારંવાર આવેશમાં આવી ગુસ્સો કરવો, આવી વ્યકિત સંકુચીત મન વાળો મનુષ્ય કહેવામાં આવે છે. તેને આધ્યાત્મિકતામાં રૂચી નથી હોતી.

આ સંસારમાં બધી જ વસ્તુ હસવા માટે ઉત્પન્ન થઈ છે. જે ખરાબ, અશુભ છે તે અમારી માટે ચુનોતિ છે. પરીક્ષામાં પ્રશ્નપત્ર (પેપર) જોઈને જે બાળક રડે છે તે ઉતીર્ણ નથી થતું જે વ્યકિત થોડી પરીક્ષા, થોડી અડચનો આવે અને બીજાની સામે રડવામાં સમય પસાર કરે તેવી વ્યકિતની આધ્યાત્મિકતા ઉપર કોણ વિશ્વાસ કરે ?

પૂર્ણ શાંતિ મનથી પ્રસન્ન ચિત્તે ભગવત કાર્ય સમજીને સંસારના બધા કાર્ય કરો તો પૂર્ણ આધ્યાત્મિકતા. તમારા સંસારી જીવનમાં પણ તમને આવી મળશે, માણસ કયારેય પણ પૈસાથી જ તંવગર નથી બની શકતો. સારા વિચાર, સારા સંબંધ, સારી સોચ હોવી જરૂરી છે. તમે પોતાની વિચાર સરણી બદલો, સારી ઉત્તમ વિચારધારા જ આપણને આધ્યામિક તરફ લઈ જાય છે.

એક દિવસ નર્મદા મૈયાના કિનારા ઉપર બેઠા-બેઠા વિચાર આવ્યો કે માનું જળ પૂર્ણ થાય તો સામે કિનારે ચાલીને હું જઈ શકું. હવે આ વાત શકય નહોતી કે માના નિર્મળ જળની ધારાનો પ્રવાહ બંધ થઈ શકે. તો મને વિચાર આવ્યો કે આપણે પણ સંસારમાં રહેનારા પામર જીવો છીએ. આ નદિના પ્રવાહની જેમ આપણે પણ સંસારના પ્રવાહમાં ફસાયેલા છે. પહેલા પોતાની જીંદગીની શરૂઆત, પછી બાળકોની, પછી તેમનાં સંતાનોની બધાની એક પછી એક ધારા વહેતી જ રહે છે. તો આપણે કયારે આ વહેણમાંથી બહાર આવી શકીશું ? તેનું નામ સંસાર. તેમાંથી પણ તમે ભગવદ્ કાર્ય માટે સમય આપીને પાર ઉતરી શકો છો.

પોતાના સંતાનોને આધ્યાત્મિકતા તરફવાળી પોતે સારા, સુંદર, સદ્‌ગુણોની સ્થાપના કરી શકો છો. જેવી રીતે નદીના નીરને પાર કરવા માટે નાવની જરૂર પડે છે તેવી જ રીતે આપણે પણ સંસારમાં રહીને તેમાંથી પાર ઉતરવા માટે આધ્યાત્મિકતા, ભજન, ભકિત રૂપી સાધનો દ્વારા પાર ઉતરી શકો છો.

આપણે કબીરનો દોહો યાદ કરીએ છે કે,

**ગુરૂ ગોવિંદ દોનો ખડે કાકુ લાગુ પાય,**
**બલીહારી ગુરૂ આપકિ ગોવિંદ દિયો બતાય**

તો આપણી પાસે તો પરમ પૂજય શ્રોત્રીય બ્રહ્મનિષ્ઠ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર પૂ. સ્વામીજીના શુભ આશિર્વાદ છે જ. તો આપણુ સર્વનું જીવન તેમના અસિમ આશિર્વાદથી ધન્ય બનાવીએ.

જય સચ્ચિદાનંદ

# આત્માનાં ૧૨ લક્ષણો

તંત્રીસ્થાનેથી

માનવ જન્મ માંઘો છે. માનવ જન્મમાં આત્મજ્ઞાન થાય છે. બીજા જન્મોમાં પૂર્ણ સુખ મળી શકતું નથી. તેથી આ દીવ્ય માનવ જન્મમાં આત્મજ્ઞાન મેળવવા તથા શાશ્વત સુખની અનુભુતિ કરવા પુરુષાર્થ કરવો જોઈએ જ્યારે જ્યારે મન આત્મશાન્તિથી વિમુખ થાય ત્યારે ત્યારે બુદ્ધિથી નિશ્ચય કરવો કે આત્મસુખ જ સાચુ સુખ છે. બીજુ વિષયનું સુખ તો અંતમાં દુઃખદાયક છે. તેવો વિચાર કરીને મનને આત્મ વિચારમાં રાખવું આત્મા જ હું છું દેહ હું નથી તેવો અભ્યાસ કરવો આત્માના બાર લક્ષણો છે.

**આત્મા** (૧) નિત્ય છે (૨) અવ્યય છે (૩) શુદ્ધ છે (૪) એક છે (૫) ક્ષેત્રજ્ઞ છે (૬) અવિક્રિય છે (૭) આશ્રય છે (૮) સ્વદક છે (૯) હેતુ છે (૧૦) વ્યાપક છે

(૧૧) અસંગ છે (૧૨) અનાવૃત છે.

**(૧) આત્મા નિત્ય છે.** જે નિત્ય છે તે આત્મા છે. આત્મા નિત્ય હોવાથી સદા રહે છે. આત્માને નાશ થતો નથી તેથી મરવાની ચિન્તા રહેતી નથી હું નાનો છું હું મોટો છું તે દેહને હું માનીને કહેવાય છે. તેથી દેહ આત્મા નથી આત્મા સત છે હું મરૂ છું તે જીવની ભ્રાન્તિ છે તેથી આત્મા નિત્ય છે તેમ સમજીને અમર થઈને જીવન જીવવું. હું નિત્યાત્માં છું તેમ સમજીને રહે તેને જન્મ મરણનું દુઃખ રહેતું નથી તેથી સદા દેહ ભાવને દૂર કરીને ન્ત્યિાત્મભાવ રાખવો.

**(૨) આત્મા અવ્યય છે.** આત્મા અવ્યય એટલે વધતો નથી અને ઘટતો નથી આત્માં વધે નહીં અને ઘટે નહીં તેથી એકરસ રહે છે. અખંડ રહે છે, હર્ષ-શોક રોગ-ભોગ વધવું-ઘટવું તે સર્વે શરીરમાં થાય છે આત્માને નહિ આત્મા અવ્યય છે તેમ સમજવાથી વધવા ઘટવાની ચિંતા મટે છે દેહ દ્રષ્ટિથી જ મોટાપણું અને નાનાપણું છે માટે આત્મભાવ રાખીને સમતામાં સ્થિર થવું.

**(૩) આત્મા શુદ્ધ છે.** શુદ્ધ પરમાત્માનો અંશ હોવાથી સદામુળ સ્વરૂપે શુદ્ધ છે જે અશુદ્ધિ અનુભવાય તે શરીરની છે શરીરને હું માનીનેજ અશુદ્ધ પણુ આવે છે. આત્મા તો સદા શુદ્ધ રહે છે. આત્મા અમર છે એટલે શુદ્ધ રહે છે. આત્માને માયાનો સંગ થતો નથી તેથી બગડવાની ચિન્તા રહેતી નથી અને શુદ્ધત્માં હોવાથી શુદ્ધ લાભ મળે છે.

**(૪) આત્મા એક છે.** સર્વભૂતોમાં આત્મા એક છે જેમ એક ચંદ્રમાં પાણીના ભિન્ન ભિન્ન ઘડાઓમાં જુદા જુદા રંગવાળા પાણીમાં જુદા જુદા દેખાય છે પરંતુ એક જ છે તેમ આત્મા સર્વે શરીરમાં શરીરની ઉપાધિથી સારો મોળો નાનો મોટો વિગેરે દેખાવા છતાં આત્મા તો એક જ છે જેમ સર્વ ઘડામાં ચંદ્ર એક જ છે તેમ સર્વ શરીરમાં આત્મા એક જ છે જેમ સૂર્ય એક જ સર્વેને પ્રકાશ કરે છે છતાં કોઈથી લેપાતો નથી તેમ આત્મા એક જ સર્વેનો પ્રકાશક હોવા છતાં કોઈથી લેપાતો નથી.

**(૫) આત્મા ક્ષેત્રજ્ઞ છે.** ક્ષેત્ર એટલે શરીર અને તેને જાણવાવાળો ક્ષેત્રજ્ઞ છે. આ શરીર ક્ષેત્ર છે અને જે તે શરીરને જાણે છે તે ક્ષેત્રજ્ઞ છે. સર્વે શરીરને જાણવાવાળો ક્ષેત્રજ્ઞ તે હું છુ. આત્મા એજ પરમાત્મા છે. તેવું દ્રઢ કરવાથી પરિછિન્ન પણુ મટે છે. વૃદ્ધાવસ્થા તથા જન્મ મરણમાં આત્મા આવતો નથી તેમ દ્રઢ કરવાથી સર્વે વિકારોથી મુક્ત થવાય છે. દ્રઢ કરવું કે આત્મા ક્ષેત્રજ્ઞ છે.

**(૬) આત્મા આશ્રય છે.** આત્મા શરીરનો આધાર છે આત્મા શરીરને આધારે રહેતો નથી શરીરના જન્મ પહેલા આત્મા નિત્ય હોવાથી રહે છે તથા શરીરના નાશ પછી પણ રહે છે તેથી આત્મા શરીરને આધારે નથી પરન્તુ શરીરનો આધાર છે હું સર્વે જડનો આશ્રય છે.

**(૭) આત્મા અવિક્રિય છે.** આત્મા અવિક્રિય છે તેમ સમજવાથી કર્તાપણાનું અભિમાન છૂટે છે. અકર્તાપણું આવવાથી પુન્ય પાપ છૂટે છે તેથી સર્વે બંધનો છૂટે છે.

**(૮) આત્મા સ્વયંપ્રકાશ છે.** આત્મા સ્વયં પ્રકાશ હોવાથી તેને જાણવા માટે બીજાની કોઈની જરૂર પડતી નથી.

**(૯) આત્મા હેતુ છે.** આત્મા હોય તોજ સર્વે ચાલી શકે છે આત્માથી સર્વે જીવે છે તેથી આત્માને કોઈ પરાધીનતા નથી.

**(૧૦) આત્મા વ્યાપક છે.** આકાશ જેમ સર્વેમાં છે તેમ આત્મા સર્વ વ્યાપક છે હું તો સર્વમાં વ્યાપક છું તેમ દ્રઢ કરવાથી શરીર નહી રહે ત્યારે હું કયાં જઈશ તેવી ચિંતા રહેતી નથી આત્મા વ્યાપક છે.

**(૧૧) આત્મા અસંગ છે.** ચેતનનો ચેતનની સાથે સંગ થાય છે વિકારીનો સંબંધ વિકારી સાથે થાય છે આત્મા ચેતન છે. અવિકારી છે તેથી તેનો કોઈની સાથે સંગ થતો નથી આત્મા પહેલા મુક્ત હતો અત્યારે છે અને આગળ પણ રહેશે એવું જ્ઞાન દ્રઢ થવાથી સદા જીવન મુક્તિનો આનંન્દ અનુભવાય છે.

**(૧૨) આત્મા અનાવૃત છે.** આત્મા સદા પ્રત્યક્ષ છે. આત્મા વ્યાપક હોવાથી અસંગ હોવાથી કોઈથી આવૃત થતો નથી.

આત્મા સદા અપરોક્ષ જ રહે છે. આત્માના ૧૨ લક્ષણો દ્વારા બરોબર અભ્યાસ કરવાથી શરીરમાંથી અહંતા તથા ઘર વિગેરેમાં જે મમતા છે તે અસત છે તે ખોટી ભાવનાને છોડી દઈ સદા બ્રહ્મભાવના દ્રઢ કરવી. શરીર હું નથી. શરીર મારૂ નથી હું અજર-અમર આત્મા છું તેવું દ્રઢ કરવું.

# સાચી મિત્રતા

દેવરાજભાઈ વી. વઘાસિયા
સુરત

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

જય શ્રી સચ્ચિદાનંદ

મિત્રતાથી મનુષ્ય-મનુષ્ય વચ્ચેના સંબંધો મીઠા-મધુર બને છે. મિત્રતા બાંધવામાં સંબંધોનો કોઈ બાધ નડતો નથી. મિત્રતા કોઈ પણ વ્યકિત સાથે બાંધી શકાય છે. પિતા-પુત્ર, ભાઈ-બહેન, ભાઈ-ભાઈ, પતિ-પત્નિ વગેરે સૌ કોઈ મિત્રતા બાંધી શકે છે. મિત્રતામાં મીઠાશ ભરેલી છે. તેથી અરસ-પરસ પ્રેમભાવ થાય છે, આત્મીયતા બંધાય છે. એકબીજાના કામો કરવામાં સરળતા અને ઉમંગ રહે છે. પરંતુ આ બધી બાબતોમાં જે બીજાના હિતનો વિચાર કરે, સામા વાળાનું હિત ઈચ્છે એનું નામ સાચી મિત્રતા. આચાર્યોએ મિત્રતાની પરિભાષા આપી છે કે 'પરહિત ચિંતા મૈત્રી'

હવે આપણે મિત્રતાને વિગતવાર સમજવા માટે કલ્પનાઓ કરીએ.

**(૧) દૂધ અને પાણીની મિત્રતા**

એક વાર પાણીના મનમાં વિચાર આવ્યો કે જીવનમાં એકલા-એકલા જીવવું એના કરતાં કોઈ મિત્ર હોય તો સારું સુખ-દુઃખમાં કામ લાગે. લાંબા વિચારનાં અંતે પાણીએ દૂધને મિત્ર બનાવવાનો સંકલ્પ કર્યો. દૂધે પાણીને મિત્ર બનવા સંમતિ આપી. પાણી દૂધમાં પડયું. દૂધે મિત્રતાના નાતે પોતાનો રંગ આપ્યો, પોતાનું રૂપ આપ્યું, પોતાનું મૂલ્ય આપ્યુ, સ્વાદ આપ્યો તેથી પાણી પ્રસન્ન થયું. જયારે દૂધને ગરમ કરવા ગેસ પર મૂકવામાં આવ્યું ત્યારે પાણી પહેલાં બળ્યું, દૂધને પહેલાં બળવા દીધું નહી. કારણ કે દૂધે પાણીને પોતાનું મૂલ્ય આપ્યુ હોવાથી દૂધ પહેલાં બળે એ પાણીને યોગ્ય લાગ્યું નહી, ગમ્યું નહી, પરંતુ દૂધ ચૂપચાપ બેસી રહયું નહીં પાણી બળવાથી તડતડ અવાજ આવવાથી દૂધને દુઃખ થયું. તેને થયું કે મેં જેને મિત્ર બનાવ્યું તેને હું બળવા દઉં, એવાં વિચારો સાથે દૂધ ઉભરાયું અને ગેસને ઠારી દીધો.

**(૨) તેલ અને પાણીની મિત્રતા**

પાણીએ દૂધને મિત્ર બનાવ્યા બાદ એકવાર તેને તેલને મિત્ર બનાવવાનો વિચાર આવ્યો. વિચારના અંતે તેલના આવકારથી પાણી તેલામાં પડયું પરંતુ દૂધની જેમ તેલે પાણીને પોતાનામાં ભળવા ન દીધું. એકરસ ન થવા દીધું, પરંતુ તેલે પાણીને નીચે દબાવીને રાખ્યું, પરંતું તેલને આવું વર્તન કરવાની સજા મળી ગઈ. જ્યારે તેલમાં દીવેટ રાખી સળગાવી તો માત્ર તેલ બળવા લાગ્યું અને દુઃખી દુઃખી થઈ ગયું. જો તેલ પાણીને એકરસ કર્યું હોત તો જયારે દીવેટ સળગાવામાં આવી ત્યારે તેલ સાથે પાણી પણ બળત અને તેલને બળવામાં દુઃખમાં તેલને રાહત મળત. તેલ અને પાણી એકબીજાના સુખ-દુઃખમાં કામ આવ્યા નહીં.

**(૩) પારો અને પાણીની મિત્રતા**

પાણીએ દૂધ અને તેલને મિત્ર બનાવ્યા બાદ પારાને મિત્ર બનાવવા લલચાયું. આમ વિચાર કરીને પારાની સંમતિથી પાણી પારામાં પડયું. પરંતુ પારાએ પાણીને પોતાની સાથે ભળવા દીધુ નહીં. પારાએ પાણીને પોતાના સ્વાર્થ સાધવા પાણીને ઉપર જ રાખ્યું. પાણી પારાની ઉપર હોવાથી ઠંડી ઋતુમાં પાણીને જ ઠરવું પડયું. અને ગરમ ઋતુમાં શેકાવું પડયું. પવનનાં સપાટાં ખાવા પડયા. પારાએ પાણીને દુઃખમાં જરા પણ સાથ કે આશ્વાસન આપ્યું નહી.

ઉપરના ત્રણેય દ્રષ્ટાંત ઉપરથી બોધ લઈ શકાય કે મિત્રતા દૂધ અને પાણી જેવી હોવી જોઈએ. એક-બીજા માટે કોઈપણ જાતના સ્વાર્થ વગર મરી પરવું જાઈએ, બીજાના હિત માટે પોતાનું હિત જતું કરવું જોઈએ. કોઈને છેતરાવા ન જોઈએ, કોઈને ખરાબ લાગે તેવું વર્તન ન કરવું જોઈએ અને તો જ એક-બીજામાં પ્રેમ ટકશે. જીવનમાં શાંતિ પ્રગટશે, સંબંધો મધુર બનશે, જીવન જીવવાનું સરળ બનશે અને ઉત્સાહી બનશે.

**સુવાકય**

પશુ ન બોલી શકવાને કારણે દુઃખી થાય છે.
જ્યારે માનવી બોલવાને કારણે દુઃખી થાય છે
પરંતુ આપણને લાગે વળગે નહી તેવી બાબતમાં બોલવું નહી.
નહીંતર આપણને સાંભળવું ન ગમે તેવું સાંભળવુ પડશે.

દિલગીર બનવા કરતાં સચેત રહેતા શીખવું કે જેથી
વારંવાર દિલગીરી વ્યક્ત કરવાનો વખત જ ન આવે

# વેદાંતની દ્રષ્ટિએ હનુમાન

**પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદજી મહારાજ**

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

**શ્રી ગુરુ ચરણ સરોજ રજ,**
**નિજ મન મુકુર સુધાર**
**વરણવું રઘુવીર વિમલજશ, જો દાયક ફલ ચાર**
**બુધ્ધિહીન તનુ જાનિકે, સમરુંપવન કુમાર**
**બલ બુદ્ધિ વિદ્યા દેહુ, મોહે હર હુ કલેશ વિકાર**
**સંગતી**

તુલસીદાસ જ્યારે પોતાની પત્ની પાસે વિરહની આગથી બળતા તુરંત મળવા ગયા. ત્યારે રાત્રી તથા વરસાદ, જેવા તૂફાનમાં ઘરેથી નીકળી પડયા. વચ્ચે નદીમાં વરસાદી તૂફાનથી આવેલું ઘોડાપુર એમાં મડદા તણાતા આવતા હતા તે મડદાને નાવ સમજીને નદી પાર કરી સસરાનાં ઘરે પોતાની પત્નીને મળવા રાત્રે બંધ મકાનમાં પાછલી બારીએ એક લટકતાં સાપને જોઈ કહે વાહ... મારા માટે રેશમની દોરી પહેલેથી જ રાખી છે. સાપને રેશમની દોરી સમજી તેને પકડી અંદર દાખલ થયા અને તેની પત્ની કહેવા લાગી કે અરે... નાથ... અહીં અત્યારે આવા તૂફાનમાં....

તુલસીદાસ કહે, હા... તે મારા માટે નદી પાર કરવા નાવ મોકલી અને અહીં અંદર આવવા બારીએ તે રેશમની દોરી બાંધી રાખી છે તો હું કેમ ન આવું !

રત્નાવલી કહેવા લાગી પ્રભુ તમે જરા આંખ ખોલી જોવો આ મેં બાંધેલી દોરી છે કે પછી સાપ છે ? નદી પર ગયા જોયું તો નાવનાં બદલે મડ્દુ પકડીને આવેલા, એ જ વખતે ચક્ષુનો પણ ચક્ષુ જોવામાં કારણ છે. મનનો પણ મન જે કારણ છે તેનાથી વિચાર કરતાં ખબર પડી, અને પોતાની પત્નીનાં શબ્દો કાને પડયાં **"श्रोत्रस्य श्रोत्रंम्, मनसो मनो यद्"** (કેન શ્રુતિ) જે શ્રોત્રનો પણ શ્રોત્ર કારણ છે. શબ્દ કાને પડતાં હૃદયમાં ચોટ વાગી.

પત્ની કહેવા લાગી : હે પ્રભુ, આટલો પ્રેમ આ મારા હાડકા ચામડામાં કરો છો પરંતુ આ શરીરમાં જે આત્મા છે, જેનાથી આ શરીર રૂપાળુ લાગે છે. તે પરમાત્માને તમે પ્રેમ કરો તો બેડો પાર થઈ જશે. આ આત્મારામ આમાંથી નીકળી જશે. ત્યારે આ શરીરનું શું થશે....!

આટલું સાંભળતાં સાંભળતાં અંદરથી મનનું પણ મન જે કારણ છે ત્યાંથી સુમતિનો સંચાર થતાં તુલસીદાસને પોતાનાં મન દ્વારા અંતર મન જે "શંકર સુવન" છે તે મનનાં દર્શન થયાં. ત્યાંથી વાયુપુત્ર અર્થાત્ પ્રાણ દ્વારા ચાલતા પોતાના મન સુધી અંજની એટલે અન્નમય કાયા તથા કેશરીનંદન એટલે જીવનાં સંયોગથી ચાલતું આપણું મન અહીં સુધીની એકતાનાં દર્શન થતાં તુલસીદાસે સદ્ગુરુના ચરણકમળની રજ પોતાના મન મુકુર સુધાર, અર્થાત્ મન રૂપી ભમરાને સુધારવાનો નિર્ધાર કર્યો અને સંકલ્પ કર્યો કે "વરણવું રઘુવીર વિમલ જશ" જે પરમ આત્મારામ જેનાથી આ સમગ્ર વિશ્વ ચાલે છે તેનો મહિમા ગાવા માટે, યશો ગાન કરવા માટે હું પ્રયત્ન કરીશ. જેનાથી ધર્મ, અર્થ, કામ, મોક્ષનાં ચાર ફળ પ્રાપ્ત થાય છે. બુદ્ધિ હીન તનુ જાનિ કે, તુલસીદાસ પોતાને બુદ્ધિહિન જાણીને સમરૂ પવન કુમાર પ્રાણથી સંચરિત થયેલું મન એટલે "પવનકુમાર" જે અન્નમય કાયા "અંજની" માં સંચાર કરવામાં આવ્યું છે તે આ પવનકુમાર રૂપી મનનું સ્મરણ કર્યું યાદ કર્યું કે હું શું કરી રહ્યો છું. બલ, બુદ્ધિ વિદ્યા દેહું મોહે, હે પવન કુમાર હનુમાન આપ મને બલ બુદ્ધિ વિદ્યા આપો. જેથી હું કલેશ વિકાર જે મનમાં રહેલા છે તેનો નાશ કરું. (ક્રમશઃ)

| **હિન્દુ ધર્મની ઉત્તમ વસ્તુઓ** |
|---|
| પુસ્તકોમાં - ગીતા |
| પક્ષીઓમાં - ગરૂડ |
| દેવોમાં - ગણપતિ |
| પહાડમાં - હિમાલય |
| તીર્થમાં - કાશી |
| નદીઓમાં - ગંગા |
| શુકનમાં - કંકુ |
| પ્રાણીઓમાં - ગાય |
| પ્રવાહીમાં - ગંગાજળ |
| ભોજનમાં - કંસાર |
| વાહનોમાં - રથ |
| ફળોમાં - નાળિયેર |
| છોડમાં - તુલસી |
| ધર્મનુ પ્રતિક = ૐ |

| **કોણ શુ કહે છે** |
|---|
| ઘડીયાળ - સમય ચુકશો નહી. |
| દરીયો - વિશાળ દીલ રાખો. |
| કીડી - સંગઠન બળ કેળવો. |
| બગલો - કાર્યમા ચિત પરોવો. |
| મધમાખી - ઉદ્યમી બનો. |
| કૂતરો - ધંધામાં વફાદાર રહો. |
| ધરતી - સહનશીલ બનો. |
| વૃક્ષ - પરોપકારી બનો. |
| કૂકડો - વહેલા ઉઠી કામે લાગો. |
| સૂર્ય - નિયમિત બનો. |
| કોયલ - મીઠાં વચનો બોલો |
| કાગડો - ચતુર બનો |
| ગુલાબ - દુઃખમાં પણ હસતા રહો. |
| દીવડો - પોતે બળી ઉજાશ આપો. |

# ગભરાશો નહિ !

લેખક : શિવ

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

દુઃખોથી ડરશો નહિ. દુઃખનું આગમન તમારા ભલા માટે જ હોય છે. પ્રત્યેક દુઃખને તમારાં પૂર્વજન્મોના કર્મોનું રૂપ સમજો. દુઃખની પ્રાપ્તિથી તમરાં કર્મોનો હિસબ ચૂકતે થાય છે ને તમે કર્મફળના બંધનમાંથી મુક્ત બનો છો. ભીષ્મ પિતામહે તો દેહત્યાગ પહેલાં પોતનાં સમસ્ત કર્મોને પડકારી કહ્યું હતું કે, 'હજી પણ મારાં કોઈ કર્મો બાકી રહ્યા હોય તો આવીને મને પોતાનું ફળ આપે.' માટે, જ્યારે દુઃખ આવે ત્યારે શાંતિથી સહન કરો અને કર્મફળનું બંધન કપાઈ ગયું એમ માની રાજી થાઓ.

તમારાં પ્રત્યેક સુખદુઃખની યોજના પ્રભુ તરફથી ઘડાય છે. પ્રભુ પરમ દયાળુ હોવાથી, જેમાં તમારું કલ્યાણ ન સમાયું હોય એવું કંઈ જ નહિ કરે એવી શ્રદ્ધા રાખો. માટે પ્રત્યેક દુઃખને બક્ષિસ સમજીને તેનું હાર્દિક સ્વાગત કરો.

અભાવનો અનુભવ અથવા મનની માગણી મુજબની વસ્તુનું ન મળવું એનું નામ જ દુઃખ છે. અભાવના અનુભવનું કારણ તમારી રાગદ્વેષયુક્ત ભાવના જ છે. રાગદ્વેષથી જે રહિત હોય તે તો બધી જ દશામાં પ્રસન્ન રહે છે. જગતમાં જે ખેલ ખેલાઈ રહ્યો છે તે પ્રભુની લીલા છે એમ સમજી બધી સ્થિતીમાં નિર્લિપ્ત રહો.

મનગમતી વસ્તુનો નાશ યા અભાવ તેનું નામ દુઃખ. વિષયની પ્રાપ્તિથી મન વિષયોની જાળમાં વધારે ફસાય છે; એટલા માટે જ મુમુક્ષુ જીવ જાણી જોઈને ધન, માન અને સંપત્તિયશ આદિ સુખરૂપ ભાસતા વિષયોનો ત્યાગ કરે છે. આ વિષયોનો વિનાશ થાય ત્યારે મનમાં એવી ગેડ બેસાડવી કે આપણે એક આફતમાંથી ઉગર્યા.

દિલમાં જરાય ઓછું ન આણશો.

સાંસારિક સુખ-દુઃખ બનાવટી નામ અને રૂપ સાથે લઈને આવે છે. તમે તો આત્મસ્વરૂપ છો. ન તો તમે શરીર છો કે ન તો નામ. તમે તો સુખ અને દુઃખના સક્ષી છો. તમે બાલ્યાવસ્થા ને વૃદ્ધાવસ્થાના દ્રષ્ટા છો. અવસ્થાઓ યથાક્રમે ભલે બદલાય, પરંતુ તમે જોનારા તો એના એ જ છો. માટે જ તમને જોયેલી વાતો યાદ આવે છે.

નિશ્ચય કરો કે તમે ભોક્તા નથી, સુખદુઃખથી પર છો. તમારા આત્મસ્વરૂપમાં કેવળ આનંદ જ આનંદ છે. તે ન તો નિર્ધન બને છે, ન અપમાનિત થાય છે; ન નિંદાય છે, ન બીમાર પડે છે, ન મરે છે. તો પછી તમે નામરૂપાત્મક વસ્તુઓના જવાથી દુઃખી શા માટે થાઓ છો ?

આ મૂર્ખતાને જેટલી ઝડપથી છોડશો એટલી ઝાડપથી તમે સાચી વસ્તુ સમજી શકશો. સાચી વસ્તુનું જ્ઞાન થયા પછી દુઃખની તાકાત નથી કે કોઈ પણ સ્વરૂપે તમારી સામે આવીને ઊભું રહે. તમે દુઃખને આવકારો છો માટે જ તે આવે છે. એમાં દોષ કોનો – તમારો કે એનો ? આમંત્રણ આપનારનો કે આમંત્રણ સ્વીકારનારનો ?

તન-મન-ધન બધું જ પ્રભુને અર્પણ કરી દો. તમારું તો કંઈ જ નથી; બધું ભગવાનનું છે. અજ્ઞાનને લધે 'તમારું' માની બેઠા છો એ જ તમારા દુઃખનું મૂળ છે. સુખી થવું હોય તો એ મૂળને નિર્મૂળ કર્યા વિના છુટકો જ નથી.

પ્રત્યેક વસ્તુ પ્રભુને અર્પણ કર્યા પછી એ ચીજની માલિકી પ્રભુની મનાય છે. પછી પ્રભુને જેમ ઠીક લાગે તેમ તેનો ઉપયોગ કરો.

આપણેકંઈ કહેતાં કઈ જોવાનું રહેતું નથી.

વિધાન અને વિધાતામાં કંઈ તફાવત નથી. ખેલ પણ એ જ છે અને ખેલાડી પણ એ જ છે. આ રહસ્યને સમજીને હર હાલતમાં ખુશ રહો. ભગવાન ઉપર તમને અણનમ ભરોસો હશે અને મનમાં દોષોથી છુટવાનો અવિચળ નિર્ધાર હશે તો જરૂર તમે સફળતા મેળવશો; માટે હિંમત રાખીને આગળ વધો !

જેની પડખે ભગવાન હશે તેના ત્રણે કાળમાં વિજય થશે જ થશે.

# યદા યદા હિ ધર્મસ્ય

લતાબેન એ. માંગુકિયા
સુરત.

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।
અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ ॥

જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે. ત્યારે ભગવાન કહે હું સાકાર સ્વરૂપે પ્રગટ થાવ છું.

જ્યારે ભારત ભુમિપર અવૈદિક ધર્મની વૃદ્ધિ થઈ ને વૌદિક ધર્મ ભ્રષ્ટ થયો ત્યારે ભગવાન આંદ્ય જગદ્ગુરૂ શંકરાચાર્ય રૂપે પૃથ્વી પર અવતાર લીધો.

વૈશાખ સુદ પંચમી ના દિવસે ભારતના કેરળ રાજ્યના નાનકડા કાલડી ગામે થયો હતો. તેઓના પિતાનું નામ શિવગુરૂ ને માતાનું નામ આર્યમ્બા હતું તેઓની ઉંમર માત્ર ત્રણ વર્ષની હતી. ત્યારે પિતા શ્રી નું મૃત્યુ થયુ હતું. ભગવાન શંકરાચાર્ય નાનપણથી ધર્મમાં રૂચી ધરાવતા હતા તેમની તેજસ્વીતા અને વિદ્‌વતા જોઈને માતા એ પણ તેમને આધ્યાત્મિક માર્ગે જ વાળીયા હતા.

પોતાના જીવનમાં ગોવિંદ પાદ જેવા મહાન સદ્‌ગુરૂ મળતા જીવન ને એક નવો વળાંક મળ્યો. તેમના વ્યક્તિત્વને ઓજસ તેજસ મળ્યા. તેમણે ગોવિંદપાદ ના સાનિધ્યમાં બ્રહ્મસુત્રથી માડી વેદ ઉપનિષદ નો ગહન અર્થ નો અભ્યાસ કરી આત્માનો સાક્ષાતકાર કરી અન્ય લોકોના જીવનને પણ પ્રકાશિત કર્યા તેઓ કોઈ સામાન્ય શક્તિ ન હતી. ભગવાન શંકરનો અવતાર હતા. જેથી તેઓ કુદરતી આફતો પણ ટાળી દેતા. એક વખત નર્મદામાં બહુ પુર આવ્યુ આશ્રમમાં પણ પાણી ફરિ વળીયુ ત્યારે મંત્ર શક્તિથી પાત્રની અંદર પુર સમાવી દીધુ આ જોઈ ને ગોવિંદપાદ પણ તેના વ્યક્તિત્વને પારખી ગયા. તેને તત્વજ્ઞાનના વિવેચન અર્થના અભ્યાસ માટે કાશી મોકલિયા. ભગવાન શંકરાચાર્ય યોગને તત્વજ્ઞાન મેળવી સમગ્ર ભારતનું પરિભ્રમણ કરી મનુષ્યને આત્મા પરમાત્માનું અદ્વૈત જ્ઞાન આપી તેમણે અનેક ગ્રંથ સ્તોત્રની રચના કરી. સોળ વરસની ઉંમરે ભાષ્યની રચના કરી. તદ્‌પરાંત વિવેક ચુડામણી તત્ત્વબોધ આત્મબોધની રચના કરી આદી શંકરાચાર્ય ભારતીય સંસ્કૃતિના રક્ષક અને સંવર્ધક છે તેઓ એ ચાર મઠની સ્થાપના કરી જેથી કરી ધર્મનો ઉપદેશ ફેલાય ત્યાથી કેદારનાથ ગયા જ્યાં બૌધ્ધે સનાતન ધર્મનો વેદોનો નાશ કરવા લાગીયા હતા. તેને ભારતની બહાર હાકી મુકિયા ને પુનઃ સનાતન ધર્મની સ્થાપના કરી.

આદિ શંકરાચાર્ય માં નાનપણથી જ સંવેદનાનું ઝરણુ વહેતુ હતું તેથી માનવતા જ્યોતિર્મય સુર્ય તરીકે ઓળખાતા હતા. પછી બત્રીશ વર્ષની ઉંમરે ટુંકુ આયુષ્ય ભોગવીને કેદાર ક્ષેત્રમાં જ તેમણે દેહ ત્યાગ કર્યો તે સમય આપેલ ઉપદેશ પંચ રત્ન નામ નો ઉપદેશ આપીઓ તે જીવનમાં ઉતારી જીવનને સાર્થક કરીયે આવી શંકરાચાર્યથી ચાલતી પરંપરામાં દિવ્યએવા માંધવાનંદજી મહારાજ જેઓ નો મહત્તમ ફાળો છે. જેઓએ વહેમ, વ્યસન, વિકાર, વ્યભીચાર પર વિજય મેળવી મનુષ્યને સાચો રાહ બતાવી ગયા. માનવ જીવન મળવું તે પરમાત્માની અણમોલ ભેટ છે. આ પરંપરામાં જન્મ મળવો તે અહો ભાગ્ય છે. જેથી સદ્‌ગુરૂ દ્વારા આત્મા-પરમાત્માને જાણી જીવન સાર્થક કરીયે.

જય સચ્ચિદાનંદ

**(રાગ – રેલગાડી આવી એ)**

જ્ઞાનગાડી આવી, ભક્તિનો માલ લાવી
જુઓ ને મારા સંતો આ જ્ઞાનગાડી આવી.
ગાડીમાં બેઠા આનંદ,
કરે બધાને પાવન... જુઓ ને મારા...
સ્વામીનું સ્વરૂપ બ્રહ્મ,
બનો ને સહુ નમ્ર... જુઓ ને મારા...
પ્રભુ છે અંતરયામી,
ગુરૂ છે બહુ નામિ... જુઓ ને મારા...
કરો સહુ સુકર્મો,
પાળો ને સારા ધર્મો... જુઓ ને મારા...
ગુરૂજી આપે શક્તિ,
સહુ કરજો તમે ભક્તિ... જુઓ ને મારા...

# બાળ સંસ્કાર શિબિર ચાણોદ

પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં તેમજ સ્વામી ભુમાનંદ સાગરજી મહારાજ તેમજ સ્વામી મોહનાનંદ સાગરજી મહારાજ તેમજ સ્વામી બ્રહ્માનંદસાગરજી મહારાજ તેમજ સ્વામી હરિહરાનંદસાગરજી મહારાજ તેમજ બ્રહ્મચારી જયાનંદજી મહારાજ ની ઉપસ્થિતી માં બાળ સંસ્કાર શિબીરનુ આયોજન તા.૮/૫/૨૦૧૭ થી ૧૪/૫/૨૦૧૭ સુધી ચાણોદ ધામમાં સારી રીતે થયુ હતુ તેમા ૫૬ બાળકોએ લાભ લીધો હતો શિબિરમાં શ્લોક, અધ્યાત્મિક-વાર્તા-યોગાસન, નર્મદાસ્નાન જેવા કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. તેમા બાળકોને ઈનામ પણ આપવામાં આવ્યુ હતુ. ઈનામના દાતા શ્રી પરેશભાઈ નાગજીભાઈ ભરોડીયા -પાલડીવાળાએ આપ્યું હતું. દરેક નાના મોટા બાળકોને ઈનામ આપી પ્રોસાહિત કર્યા હતા. બાળકોને જો સંસ્કારવાન બનાવવા હોય તો વરસમાં જ્યારે શિબીર નુ જયા આયોજન થાય ત્યા માતા-પીતાએ બાળકોને લઈને જવું જોઈએ. લાખો રૂપીયા ખર્ચ કરતા સંસ્કાર વેચાતા મળતા નથી, જો બાળકોમાં સારા સંસ્કાર હશે તો માતા-પીતા કુંટુબ ગામ દેશ બધાને જ લાભ મળશે જો સંસ્કાર હીન હશે તો બધાને જ દુઃખના ભાગીદાર બનવુ પડશે. સંતોએ બાળકોને બહુજ મહેનત કરીને સારા સંસ્કાર આપ્યા હતા જે સંતો આપી શકે તેવા સંસ્કાર બીજા કોઈ ન આપી શકે.

## ચાણોદ બાળ સંસ્કાર શિબિરમાં ભાગ લીધેલા બાળકોની યાદી

૧) ભરોડિયા ધ્રુવ નરેશભાઈ -પાલડી
૨) ભરોડિયા રૂદ્ર પરેશભાઈ -પાલડી
૩) પવાસિયા યાત્રી મનીષભાઈ -ચમારડી
૪) ધામેલિયા તુલશી મહેશભાઈ -ઉખરલા
૫) મોણપરા જય નરેશભાઈ -ડંભાળીયા
૬) વઘાસિયા શુભમ્ જગદીશભાઈ - નાનાસુરકા
૭) દિયોરા ધ્રુવિ રાજુભાઈ -પીપરીયા
૮) ધામેલીયા ઓમશ્રી મહેશભાઈ -ઉખરલા
૯) ગોળકીયા ધ્રુવી મુકેશભાઈ
૧૦) ગોયાણી હર્ષ રિતેશભાઈ -ચોગઠ
૧૧) મોણપરા પવન રણછોડભાઈ - ડંભાળીયા
૧૨) મિયાણી એવમ યોગેશભાઈ -હળીયાદ
૧૩) નાવડીયા જાહ્નવિ અશ્વીનભાઈ - જમરાળા
૧૪) મિયાણી ધ્રુવ નરેશભાઈ
૧૫) કાકડીયા અમિત હીતેશભાઈ -પાટણા
૧૬) ભરોડીયા ખુશી રાજુભાઈ -પાલડી
૧૭) ગાબાણી રૂદ્ર મુકેશભાઈ -પીપળીયા
૧૮) ભરોડિયા મીત રાજુભાઈ -પાલડી
૧૯) ગાંગાણી દક્ષ નિલેષભાઈ -અધેવાડા
૨૦) નાવડીયા રીતેશ અશ્વિનભાઈ -જમરાળા
૨૧) સાચપરા ઓમ ઈશ્વરભાઈ -અધેવાડા
૨૨) ગોળકીયા નેન્સી મુકેશભાઈ
૨૩) માંગુકીયા ઓમ જીગ્નેશભાઈ -દડવા
૨૪) જાજડીયા યજ્ઞ ઘનશ્યામભાઈ -સીદસર
૨૫) દુધેલીયા આસુ અંકિતભાઈ -મેવાસા
૨૬) દેસાઈ કિર્તન વિપુલભાઈ -ગઢાળી
૨૭) ગોરસીયા ધ્રુવિન નિલેશભાઈ -અકાળા
૨૮) દિયોરા મુદ્રિક અલ્પેશભાઈ -ચમારડી
૨૯) ભીકડીયા પ્રકાશ અલ્પેશભાઈ -ઉખરલા
૩૦) સુરાણી ઈશાન ભુપેન્દ્રભાઈ -ધારૂકા
૩૧) દિયોરા સોહમ રવિભાઈ -પીપરીયા
૩૨) ગાંગાણી દર્શન નરેશભાઈ -અધેવાડા
૩૩) વાલાણી વીર જયેશભાઈ -ચમારડી
૩૪) ચકલાસીયા વિશ્વ ગૌતમભાઈ -ધારૂકા
૩૫) માંગુકિયા નંદ જીગ્નેશભાઈ -દડવા
૩૬) ધરજીયા રાજેશ હકાભાઈ -વેજલકા
૩૭) કેવડીયા ફેનિલ રમેશભાઈ -નવાગામ
૩૮) ગોરસીયા પ્રિત નિલેશભાઈ -અકાળા
૩૯) ઓડેદરા હિરેનભાઈ નિલેશભઈ -જુના માંડવા
૪૦) પવાસિયા આરવી મનિષભાઈ -ચમારડી
૪૧) સુરાણી જાલ ભુતેન્દ્રભાઈ -ધારૂકા
૪૨) ગોયાણી મંત્ર રિતેશભાઈ -ચોગઠ
૪૩) ગોયાણી હર્ષ રિતેશભાઈ -ચોગઠ
૪૪) ભુંગળીયા માનવ અશોકભાઈ -પીપળી
૪૫) ગાંગાણી નેવીલ મહેશભાઈ અધેવાડા
૪૬) ગોળકીયા રૂદ્ર મુકેશભાઈ -બજુડ
૪૭)ગોળકીયા કેનિલ નરેશભાઈ -બજુડ
૪૮) માધવાણી ધ્રુવ ભાર્ગવભાઈ -મુંબઈ
૪૯) સોનાણી મુદ્ર હિતેશભાઈ -મોટીવાવડી
૫૦) ભરોડિયા આર્યા જીગ્નેશભાઈ -પાલડી
૫૧) પટેલ વિશ્યમ કૌશીકભાઈ
૫૨) દિયોરા જીતલ રવિભાઈ -પીપરીયા
૫૩) ચકલાસીયા શ્રુતિ ગૌતમભાઈ ધારૂકા
૫૪) સોલંકી મનીષ બળવંતભાઈ -બોસડવા
૫૫) કેવડીયા નીલ ધર્મેશભાઈ -સણોસરા
૫૬) કુકડીયા નીલ અશોકભાઈ - ભોજાવદર

॥ ૐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ ॥ સુરત શહેરના આંગણે ॥ ૐ શ્રી સદ્ગુરૂ પરમાત્મને નમઃ ॥

# શ્રી ગુરૂપૂર્ણિમા મહોત્સવ તેમજ ચાતુર્માસ



પ.પૂ.શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી માધવાનંદજી મહારાજ



મહોત્સવના અધ્યક્ષશ્રી



પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રી

**શ્રી સુરત શહેરથી લી. સ્વામીજી મહારાજશ્રીના ચરણોપાસક સેવક સમસ્તના સવિનય સાદર ઘણા હેતથી જય શ્રી સચ્ચિદાનંદ વાચશોજી.**

જય શ્રી સચ્ચિદાનંદ સાથ જણાવતા આનંદની લાગણી અનુભવીએ છીએ કે આ વર્ષમાં પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ **સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રી**ની મહતિઅનુકંપાથી તેમજ પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર **સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રી**ના આશિર્વાદથી સુરત મકામે સંવત ૨૦૭૩ અષાઢ સુદ પૂનમ ગુરૂ પૂર્ણિમા તા.૦૯-૭-૨૦૧૭ રવિવારના પવિત્ર દિવસે પરમ પૂજ્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર **સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ** વેદાન્તાચાર્યની અધ્યક્ષતામાં ગુરૂપૂર્ણિમા મહોત્સવ ધામધુમથી ઉજવાશે.

તેમજ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર **સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ** વેદાન્તાચાર્યશ્રીનું પવિત્ર ચાતુર્માસ સુરત શહેરમાં સંવત ૨૦૭૩ અષાઢ સુદ પૂનમ તા. ૦૯-૭-૨૦૧૭ થી ભાદરવા સુદ પૂનમ તા. ૦૬-૯-૨૦૧૭ સુધી રાખેલ છે. તો પવિત્ર ચાતુર્માસ દરમ્યાન સંતોના દર્શન તેમજ પ્રવચનનો અમુલ્ય લાભ લઈ પુણ્યના ભાગીદાર થવા અવશ્ય પધારશોજી.

ગુરૂપૂર્ણિમાએ પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી સદ્ગુરૂની પાદુકાનું પૂજન, દર્શન, પ્રવચન, આરતી અને આશિર્વાદ પ્રાપ્ત કરવાનો અમુલ્ય અવસર પ્રાપ્ત થયેલ છે. તેવો શ્રીના પરમ પવિત્ર ચરણામૃતને ગ્રહણ કરવાથી ધર્મ-અર્થ-કામ અને મોક્ષ પ્રાપ્ત થાય છે તેમજ જ્ઞાનથી મુક્તિ પ્રાપ્ત થાય છે. તો આ પ્રસંગે પૂજન-અર્ચન-શ્રવણ કરવાનો અમુલ્ય લાભ લેવા સર્વે સેવક ભાઈઓ - બહેનોને પધારવા હાર્દિક આમંત્રણ છે.

## ગુરૂ પૂર્ણિમા મહોત્સવ કાર્યક્રમ તા. ૦૯-૭-૨૦૧૭ ને રવિવાર

**પ્રાતઃ કાલ : ૫-૩૦ થી ૬-૦૦ પ્રભાતિયા**
**સવારે : ૬-૦૦ થી ૭-૩૦ શ્રી ગુરૂગીતાનો નાનો-મોટો પાઠ**
**સવારે : ૭-૩૦ થી ૮-૩૦ નાસ્તો**

**સવારે : ૮-૩૦ થી ૯-૩૦ શ્રી સદ્ગુરૂ પૂજન વિધિ**
**સવારે : ૯-૩૦ થી ૧૧-૩૦ સંતોના આશીર્વાદ પ્રવચન**
**બપોરે : ૧૧-૩૦ કલાકે મહાપ્રસાદ**

### મહોત્સવ સ્થળ


**શ્રી માધવાનંદ આશ્રમ**
**કરાડાગામ, તાપી કીનારે, સુરત**

### સંપર્ક

**શ્રી લવજીભાઈ દડવા – ૯૮૯૮૩ ૭૬૬૬૧**
**શ્રી વશરામભાઈ નાવડા – ૯૮૭૯૬ ૧૯૦૩૩**
**શ્રી નાગજીભાઈ ચોગઠ – ૯૯૧૩૧ ૪૪૯૬૧**


**નિમંત્રક** સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ સુરત

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



- તા. ૧૩/૬/૨૦૧૭ થી સૌરાષ્ટ્રમાં ધર્મ પ્રચાર માટે જુદાં જુદાં ગામે પધારી સત્સંગનો લાભ આપશે.
- પ.પૂ. સ્વામીજી મહારાજશ્રી ના દર્શને જતાં પહેલાં ફોન કરીને જવું. ૯૮૭૯૭ ૨૫૭૫૭
- તા. ૦૮/૦૭/૨૦૧૭, ચાતુર્માસ પ્રસંગે સુરત શહેરના આંગણે પધારશે.

## પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ



- ૧૧/૬/૨૦૧૭ આતંરરાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમ – સુઘડ પૂનમ ઉત્સવમાં હાજરી આપશે
- ૧૩/૬/૨૦૧૭ – વામજ શ્રી માધવાનંદ આશ્રમમાં પધારશે
- ૧૫/૬/૨૦૧૭ – વડાવી
- ૧૭/૬/૨૦૧૭ – કડી
- ૧૯/૬/૨૦૧૭ – જીવાપુરા
- ૨૧/૬/૨૦૧૭ – વેણપુરા
- ૨૪/૬/૨૦૧૭ થી આદીવાડા તા. બેચરાજી જી. મહેસાણા **અખંડધામ** શ્રી માધવાનંદ આશ્રમમાં અમાસનો ઉત્સવ ઉજવવામાં આવશે. આ પ્રસંગે ભોજન પ્રસાદ ના દાતા શ્રી ભગવાનભાઈ દ્વારકાદાસ પટેલ તરફથી રાખેલ છે.



## પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ

- તા. ૧૩/૬/૨૦૧૭ હરદ્વાર

**૧– ગુરૂ પંકજ પૂજતાં, ચૌદ લોક પૂજાય :**
**શિવ વિરંચીને શારદા ગુરૂના જશ ગાય :–**
**૨– સદ્‌ગુરૂ શબ્દ વિચારતાં, પ્રગટે જ્ઞાન પ્રકાશઃ**
**રવિ ઉગે રજની ટળે, હોય અવિદ્યાનાશઃ**

**૩– પ્રથમ નમું ગુરૂદેવને, જેણે આપ્યું આત્મજ્ઞાનઃ**
**જ્ઞાને ગોવિન્દ ઓળખ્યા ટળ્યુ દેહાભિમાન**
**૪– સચ્ચિદ્ આનંદ સરવમાં, ભરી રહ્યો ભરપૂરઃ**
**દિન રજની રહે રંગમાં, નિરમલ વર્ષે નૂરઃ**










પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદસાગરજી મહારાજશ્રીનો ૧૭મો નિર્વાણ જયંતિ મહોત્સવ વિરતા ગામે વૈશાખ સુદ અગીયારસને શનિવાર તા. ૦૬/૦૫/૧૭ ના શુભ દીવસે પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં તેમજ સંતવૃદ – સેવકવૃદની મોટી સંખ્યામાં ધામધૂમથી ઉજવાયો હતો.

Printed Book

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH



૧૭માં નિર્વાણ જયંતિ મહોત્સવ પ્રસંગે તા. ૦૫/૦૫/૧૭ ને શુક્રવારે સાંજે ૪ કલાકે વિરતા ગામમાં શોભાયાત્રા શ્રી માધવાનંદ આશ્રમથી પ્રસ્થાન થઈ સચ્ચિદાનંદ માધવાનંદની ધુન બોલતા ગરબા લેતા આનંદ વિભોર બનતા અખંડધામમાં પહોંચ્યા હતા. રાત્રેના પ્રસંગમાં અખંડ મહિલા મંડળ ભાવનગર આયોજીત શ્રી માધવ ચરિત્ર નાટક રૂપમાં બાળકોએ ભજવી બતાવ્યું.

BOOK POST

પૃષ્ઠ ૨૪

If Not Delivered Please Return To :-
: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-